સત્યઘટના
પરથી પ્રેરિત...

અકલ્પનીય અસર

એક સ્ત્રીની અંતઃલાગણીઓને સ્પર્શતી
સંવેદનશીલ અને રોમાંચક વાર્તા...

VISIT…

LANZAROTE Caliente.COM

અકલ્પનીય સફર

એક સ્ત્રીની અંત:લાગણીઓ રજૂ કરતી સંવેદનશીલ અને રોમાંચક વાર્તા...

લેખક – પાર્થ ટોરોનીલ

Book Cover Design: Parth Toroneel

Quote

Above all, be the heroine of your life, not the victim.

– Nora Ephron (American journalist)

અનુક્રમણિકા

પ્રકરણ – 1
પ્રકરણ – 2
પ્રકરણ – 3
પ્રકરણ – 4
પ્રકરણ – 5
પ્રકરણ – 6
પ્રકરણ – 7
પ્રકરણ – 8
પ્રકરણ – 9
પ્રકરણ – 10

અગત્યની વાત
વાંચકોને નમ્ર રિક્વેસ્ટ
લેખકના અન્ય પુસ્તકો
લેખકનો સંપર્ક

પ્રકરણ – 1



જિંદગી એક પરીક્ષા છે જ્યાં અભ્યાસક્રમ અજાણ છે અને પ્રશ્નપત્રો સેટ થયેલા નથી. કોઈ પણ ક્ષણે જિંદગી સંજોગો સ્વરૂપે આપણો સરપ્રાઈઝ ટેસ્ટ લઈ લેતી હોય છે! – ભલે પછી તમે એ માટે તૈયાર હોવ કે ન હોવ... ખરું ને? જિંદગી વિચિત્ર સંજોગો સ્વરૂપે આવો જ કંઈક અકલ્પનીય વળાંક શેફાલીના જીવનમાં લાવી મૂકે છે—જેને તે જીવનભર ભૂલી શકતી નથી.

કોઈ પણ નવપરિણીત યુગલોની જેમ શેફાલી અને આરવ ખૂબ જ ખુશ હતા. તેમના લગ્નને ચાર મહિના થયા હતા. શેફાલી ફ્રીલાન્સર વેબ ડિઝાઈનર હતી, અને આરવ બેંગલોરમાં જ સારી કંપનીમાં નોકરી કરતો હતો. બંને પતિ-પત્ની સુખીથી તેમનું લગ્નજીવન જીવી રહ્યા હતા.

આ સમય દરમ્યાન આરવને મુંબઈથી MNC કંપની તરફથી નોકરીના કન્ફરમેશનનો લેટર મળ્યો. લેટર વાંચીને આરવ બાળકની જેમ ખુશીથી ઝૂમી ઉઠ્યો..! તેણે ઘરમાં બધાને નવી નોકરી મળ્યાના શુભ સમાચાર આપ્યા. દરેકના મુખભાવ ખુશી અને ગૌરવથી છલકાઈ પડ્યા.

જોકે, આરવ અને શેફાલી બધા કરતાં થોડાક વધુ આનંદિત અને ઉત્સાહિત હતા. કંપની તરફથી મળતા મુંબઈના ફ્લેટમાં કોઈ ચિંતા કે ડર વિના બંનેને તેમની ઘનિષ્ઠ પળો માણવાની છૂટ મળશે એ વિચારથી બંને તેમના ભીતરમાં આનંદોત્તેજિત લાગણીઓ ઘૂંટાતી અનુભવી રહ્યા હતા.

સાંજે ડિનર કર્યા બાદ હંમેશની જેમ શેફાલી અને આરવ વોકિંગ માટે બહાર આંટો મારવા જતાં. ચાલતા ચાલતા બંને એકબીજાના હાથની આંગળીઓ એકબીજામાં પરોવી સંવાદો કરતાં. પરંતુ આજે તેમના યુવાન હૈયામાં એકબીજા પરત્વે સવિશેષ લાગણીઓની સરવાણી ફૂટી રહી હતી.

એકબીજાના મનના પડદાની પાછળ ચાલતી છૂપી અને વણકહી વાત બંને સારી રીતે જાણતા હતા. સંવાદો વખતે બંનેના હોઠ પર આછું ગુલાબી સ્મિત રમ્યે જતું હતું. ધીમે ધીમે ટહેલતા તે બગીચાની એક સ્ટ્રીટલાઇટ નીચેના ખાલી બાંકડા પર બેઠા.

આરવે તેનો અંગુઠો શેફાલીના હાથ પર પસવારીને સ્નેહથી કહ્યું, "શેફું, નેક્સ્ટ મંથની પહેલી તારીખે મારે નોકરી પર હાજર રહેવાનું છે. એટ્લે આજે રાત્રે મુંબઈની બે ફ્લાઇટ ટિકિટો ઑનલાઇન બૂક કરાવી દઈશ."

"નેક્સ્ટ મંથની પહેલી તારીખે તો કનિકાની રિસેપ્શન સેરેમની છે. આઈ હેવ ટુ બી ધેર..." તેણે સહેજ દુ:ખદ મુખભાવ સાથે કહ્યું.

"આ વીકમાં એના મેરેજ છે એમાં આપણે હાજર રહીશું એટ્લે ચાલે..." આરવે શેફાલીની મોટી કથ્થાઇ આંખોમાં જોઈને કહ્યું.

"યુ આર રાઇટ, પણ એ મારી બેસ્ટ ફ્રેન્ડ છે એટ્લે યુ નો..." શેફાલીએ જરાક હોઠ દબાવીને કહ્યું.

"ઓ.કે... નો પ્રોબ્લેમ. બે-ત્રણ દિવસમાં શું..!" આરવે મજાકના મૂડમાં નજર બીજે કરીને જાણે દુ:ખમાં સબડતો હોય એવા વ્યથિત અંદાજમાં કહ્યું, "...ઓશીકું આલિંગીને કોરી રાતો વિતાવી લઈશ બીજું તો શું..!"

તેના શબ્દો અને બોલવાના ઢંગને જોઈને શેફાલી તત્ક્ષણ ખિલખિલાટ હસી પડી! તેણે દાંત ભીંસીને હળવો મુક્કો આરાવના ખભા પર માર્યો. "મારા વિના અત્યારથી આટલા તડપવા લાગ્યા..!"

"હાસ્તો..! તારો હસતો ચહેરો જોયા વિના મારો દિવસ ઊગતો જ નથી... અત્યારથી તને મિસ કરતો હોવ એવી ફીલિંગ્સ અનુભવું છું..." હસતાં હોઠે આરવે શેફાલીની બંને આંખોમાં જોઈને તેનો હાથ ચૂમી લીધો.

રોડ પર એક વયસ્ક યુગલ પસાર થતાં શેફાલીએ ક્ષોભ અનુભવ્યો. થોડીક ક્ષણ બાદ બંને એકબીજા સામે જોઈને બંધ હોઠમાં મુસ્કુરાઈ પડ્યા.

"તો..." આરવે કહ્યું, "...આજે રાત્રે મારા એકલાની ટિકિટ બૂક કરાવી દઈશ. અને પછી બીજી તારીખની તારી પ્લેનની ટિકિટ બૂક કરવી દઈશ. ઓ.કે?"

"ના... પ્લેનની ટિકિટ નહીં કરાવતા. હું એકલી પ્લેનમાં ક્યારેય નથી બેઠી. મને ડર લાગે. હું તો ટ્રેનમાં જ આવીશ..." શેફાલીએ કહ્યું.

"પણ ટ્રેનમાં 20 કલાક લાગશે."

"ભલે લાગતા. પ્લેનમાં બેસીશ તો તમારી સાથે જ..." તેણે હાથની આંગળીઓ આરવના હાથમાં પરોવી દીધી.

"ઓ.કે. જેવી તારી મરજી... પણ ટ્રેનમાં એકલી સફર કરી શકીશ..!?" આરવે ચિંતિત સ્વરે પૂછ્યું.

"ઓ હેલ્લો..! હું છવ્વીસની છું! કંઈ નાની કીકલી નથી!" તત્ક્ષણ તેના પલટાઈ ગયેલા રુઆબને જોઈને આરવ હસી પડ્યો.

તેમની વચ્ચે ક્યારેક આવી મીઠી નોકજોક થતી રહેતી. ટ્રેનમાં શેફાલીની આ અકલ્પનીય સફર જીવનભર તેની માટે યાદગાર બની રહેશે એની હજુ તેને ક્યાં ખબર હતી?

*

મુંબઈ જવાની આગલી રાત્રે આરવ અને શેફાલી એમના બેડરૂમમાં સુવા ગયા તે પહેલાં, આરવે તેની વિશાળ છાતીમાં શેફાલીને ગાઢ આલિંગનમાં સમેટી લીધી, અને પછી કહ્યું,

"શેફું, થોડાક દિવસથી હું તને કંઈક કહેવા ઈચ્છતો હતો. જ્યારથી તું મારા જીવનમાં છે ત્યારથી હું ખૂબ જ નસીબદાર અનુભવું છું..." તેણે શેફાલીને આલિંગનમાંથી અલગ કરીને તેની હરણ જેવી ખૂબસૂરત મોટી કથ્થાઈ કીકીઓમાં ડૂબીને કહ્યું, "તારું નસીબ મારા નસીબ સાથે જોડાતા જ મને બેસ્ટ MNC કંપનીમાં નોકરી મળી ગઈ! હું ત્રણ વર્ષથી અપ્લાય કરી રહ્યો હતો અને હવે તારી સાથે આ શક્ય બન્યું છે!" કહ્યા બાદ તેણે શેફાલીના મોહક ગોરા ચહેરાને બંને હાથની હથેળીમાં લઈને તેના કપાળ પર હુંફાળું ચુંબન ભર્યું. "હું ફક્ત તને બિસ્તરમાં જ નહીં, પણ હરેક પળ તારા આખા અસ્થિત્વને પણ મિસ

કરીશ... આઈ લવ યુ, માય લવ...”

“આઈ લવ યુ, ટુ..!” તેણે હુંફાળું સ્મિત આપ્યું અને આરવના બંને હાથ હાથમાં લઈને કહ્યું, “...હું તમારા જીવનમાં આવી એણે નહીં પણ તમારી મહેનત MNCમાં જોબ અપાવવા કારણરૂપ બની છે. યુ ગોટ ધ જોબ બીકોઝ યુ ડિઝર્વ ઈટ..! જોકે, આ કહેવા છતાં,” આગળ બોલતા તેના ગુલાબી હોઠ મલકાવા લાગ્યા, “...તમારી મારા પ્રત્યેની સૌમ્યતા અને કૃતજ્ઞતાની ક્રેડિટ હું ખુશી ખુશી સ્વીકાર કરું છું...”

આરવે તેના મુસ્કુરાતા હોઠ શેફાલીના હોઠ પર મૂકી દીધા. ચુંબન ભર્યા બાદ શેફાલીએ મલકાતા હોઠે કહ્યું, “કાલે સવારે વહેલા ઉઠવાનું છે તમારે. લેટ્સ ગો ટુ બેડ!”

બંને બિસ્તરમાં એકબીજાને લપેટાઈને સૂઈ રહ્યા હતા ત્યારે શેફાલીએ કહ્યું, “આરવ, મને નહતી ખબર કે ડિસ્ટન્સ રિલેશનશીપ તમને આટલા રોમેન્ટિક અને કેરિંગ બનાવી મૂકશે..! આઈ રિયલી લાઈક યુ વેન યુ આર મોર એક્સપ્રેસિવ અબાઉટ યોર ફિલિંગ્સ..! ખાસ કરીને મારા પ્રત્યે...”

આરવના હોઠ મુસ્કુરાઈ પડ્યા. “ચલ હવે સૂઈ જા...” કહીને તેણે શેફાલીના માથા પર સ્નેહથી ચૂમી લીધું.

શેફાલીએ મુસ્કુરાતા હોઠ સાથે આંખો મીંચી દીધી...

* * *

પ્રકરણ – 2



સવારનું સાડા ચારનું એલાર્મ રણક્યું. શેફાલી સફાળી ઊઠી ગઈ. બાજુમાં ઘસઘસાટ ઊંઘતા આરવને તેણે ઢંઢોળીને ઉઠાડી, બાથરૂમમાં મોકલ્યો. પોણા કલાકમાં તે તૈયાર થઈને ડાઈનિંગ પર ગોઠવાઈ ગયો. શેફાલીએ ગરમાગરમ ચા-નાસ્તો પીરસી દીધો. આરવને એરપોર્ટ પર મૂકવા નયનભાઈ અને સુધાબેન પણ ઊઠીને તૈયાર થઈ ગયા. સાડા પાંચે ચારેય જણા ગાડીમાં બેસીને એરપોર્ટ પહોંચ્યા. ગાડી પાર્ક કરીને બધા એરપોર્ટ ટર્મિનલમાં પ્રવેશ્યા. થોડીક મિનિટો બાદ સવા સાતની મુંબઈની ફ્લાઈટનું એનાઉન્સમેન્ટ થયું. આરવે એક પછી એક ત્રણેયને આલિંગનમાં સમેટી લીધા. પછી તે હાથમાં બેગ લઈને ત્યાંથી એરપોર્ટ ટર્મિનલ ગેટ તરફ જવા વિદાય લીધી.

*

બે કલાકની અંદર તો આરવ મુંબઈમાં પહોંચી ગયો. તે ત્યાં એની કંપનીમાં દસ વાગ્યે હાજર થયો અને નોકરીનો પહેલો દિવસ ભર્યો. સાંજે તેને કંપનીની ગાડીનો ડ્રાઈવર તેના ફ્લેટ પર મૂકી ગયો. આરવ ફ્લેટના પાંચમા માળે લિફ્ટમાં પહોંચ્યો. તેના મકાનનો નંબર શોધીને તેણે ગજવામાંથી ચાવી કાઢી અને પછી દરવાજો ખોલ્યો.

ખાલીખટ મકાનમાં પ્રવેશતા જ ત્યાંની સુગંધ તેના શ્વાસમાં ઘોળાઈને ફેફસામાં ઉતરી. તેણે ઓફિસ બેગ સફેદ ચાદર ઓઢેલા સોફામાં મૂકી. રૂમની લાઈટ ઓન કરીને તેણે તરત જ શેફાલીને વિડીયો કોલ કર્યો. બંનેએ થોડીક વાતચીત કરીને અને પછી શેફાલીએ નયનભાઈ અને સુધાબેનને વાતચીત કરવા બોલાવ્યા. આરવે મકાનના દરેક રૂમનો દરવાજો ખોલીને બધુ જ બતાવ્યુ. મુંબઈ જેવા મોટા શહેરમાં સગવડભર્યું

મકાન અને સરસ નોકરી મળી એનો આનંદ અને ગૌરવ વિડીયો કોલમાં દેખાતા ત્રણેયના હસતાં ચહેરા પર સાફ દેખાઈ રહ્યો હતો.

સાંજે ડિનર કર્યા બાદ આરવ અને શેફાલી કલાકો સુધી ફોન પર વાતચીત કર્યા કરતાં. વાતચીત દરમ્યાન આરવે કહ્યું, "શેફું, તારી ટ્રેનની રિઝર્વેશન ટિકિટ ઓનલાઈન બુક કરી દીધી છે. કાલે સવારે ચાર વાગ્યે બેંગલોરથી મુંબઈની ટ્રેન છે. ટિકિટ તને ઈમેલ કરી દઉં છું. ટ્રેનમાં તારો બર્થ નંબર ને બધુ જ એમાં મળી રહેશે."

"ઓ.કે. સવારે ચાર વાગ્યે ટ્રેનમાં બેસીશ તો હું મુંબઈ અંદાજિત ક્યારે પહોંચીશ?" શેફાલીએ પૂછ્યું.

"વીસ કલાક સફરના થશે. એટલે મુંબઈના રેલવે સ્ટ્રેશને તારી ટ્રેન રાતના બાર-એક વાગ્યે તો ચોક્કસ પહોંચી જશે. પણ તું ચિંતા ના કરતી. હું ત્યાં તને લેવા કલાક વહેલા પહોંચી જઈશ..." આરવે કહ્યું.

"ત્યાં આવીશ ત્યારે પહેલીવાર મુંબઈ નગરી જોઈશ..."

આરવે હસીને કહ્યું, "અહીં વિકેન્ડ પર તને આખું મુંબઈ ફેરવીશ..! મુંબઈની તારી પહેલી સફર યાદગાર બનાવી દઈશ... તું બસ અહીં પગ મૂકે એટલી વાર..."

આરવની વાતોમાં ઊછળતો ઉત્સાહ સાંભળીને શેફાલીનું હૈયું હરખાઈ ઉઠ્યું. થોડીક વાતચીત કરીને બંનેએ ફોન મૂક્યો. શેફાલી મોબાઈલમાં બે વાગ્યાનું એલાર્મ મૂકીને નવ વાગ્યે વહેલા બિસ્તરમાં સૂઈ ગઈ. તેનું આનંદિત મન આરાવ સાથે મુંબઈ ફરવાના વિચારમાં ખોવાઈને ઊંઘમાં સરી પડ્યું.

*

બીજા દિવસે સવારે સાડા ત્રણે શેફાલી સાથે નયનભાઈ અને સુધાબેન પણ તેને બેંગલોર રેલવે સ્ટેશને વિદાય આપવા આવ્યા. બેગ લઈને શેફાલીએ રેલવેનો ડબ્બા નંબર શોધી અંદર પ્રવેશી, અને પછી તેની રિઝર્વેશન બર્થ નંબરની બારી પાસેની સીટ પર બેસી ગઈ. તેણે બેગ સાચવીને પોતાના પગની જમણી બાજુએ મૂકી. ટ્રેન ચાર વાગ્યે સ્ટેશન પરથી રવાના થઈ. નયનભાઈ અને સુધાબેને શેફાલીને હાથ વેવ કરી વિદાય આપી. શેફાલીની આંખો વિદાય વખતે સહેજ આર્દ્ર બની ગઈ.

થોડીક વાર બાદ શેફાલીએ મોબાઈલમાં આરવને મેસેજ કર્યો કે તે ટ્રેનમાં બેસી ગઈ છે અને ટ્રેન મુંબઇ માટે રવાના થઈ ચૂકી છે. આરવના વોટ્સેપનો લાસ્ટ સીન 8:56 PM જોઈને તેના હોઠના ખૂણા આછું હસી પડ્યા. અચાનક શેફાલીના કાનમાં એક સ્ત્રીનો મીઠો અવાજ પડ્યો અને તેણે એ દિશામાં જોયું.

"બેન, આ સામેની બર્થમાં કોઈની જગ્યા છે કે ખાલી પડી છે?" પાંત્રીસેક વર્ષની એક સ્ત્રીએ સ:સ્મિતે પૂછ્યું.

"જી, મને ખ્યાલ નથી. રેલવે ટિકિટ ચેકરને પૂછી જુઓ..." શેફાલીએ કહ્યું. એ સ્ત્રીએ તેની કાંખમાં બે વર્ષનું બાળક તેડ્યું હતું. એ સ્ત્રીની બાજુમાં ઉભેલા મૂછોવાળા પુરુષે તેને કહ્યું, "પૂરી જગહ ખાલી પડી હૈ. યહીં બેઠ જાતે હૈ..."

"પર ટિકટ ચેકર આયેગા તો...?" એ સ્ત્રીએ ચિંતાગ્રસ્ત સ્વરે પૂછ્યું.

"ટિકટ ચેકર આયેગા તો હમ અપના ટિકટ નંબર બતા દેંગે..! હમે કહાં મુફતમે સફર કરના હૈ...! તું બેફિક્ર હોકર ખિડકિવાલી સીટ પે બૈઠ જા..." કહીને તેણે એ સ્ત્રીના ખભે હળવેથી ટપલી મારી. એ સ્ત્રી શેફાલી સામે હસીને બારી પાસે ગોઠવાઈ ગઈ. બીજા બે પુરુષો તેમના બિસ્તરા બર્થની ઉપર ચડાવીને સામેના બર્થની ખાલી સીટ પર બેસી ગયા.

પેલી સ્ત્રીએ બાળકને ખોળામાં લઈને સુવાડવા લાગી. શેફાલી બારી બહાર નજર કરી પાછળ છૂટતા જતાં દ્રશ્યો દેખવામાં મગ્ન થઈ ગઈ હતી. સામાન્ય રીતે રેલવેની સફર દરમ્યાન આજુબાજુ બેઠેલા લોકો સાથે શરૂઆતમાં બહુ ઓછી વાતચીત થતી હોય છે, કેમકે અજનબી મુસાફરો હોય છે. જો કોઈ આપણું ઓળખીતું-પાળખીતું હોય કે મિત્ર સાથે હોઈએ તો એની સાથે જ ગપ્પાં લગાવવામાં વ્યસ્ત થઈ જતાં હોઈએ છીએ.

બહારના દ્રશ્યો જોઈને શેફાલીએ થોડીકવાર બાદ નજર અંદર કરી લીધી. તેની ઔપચારિક નજર એ સ્ત્રી પર પડી. એ સ્ત્રીએ હસીને પૂછ્યું, "તમારે ક્યાં સુધી જવાનું છે?"

"મુંબઈ..." શેફાલીએ કહ્યું.

"ઓહ! તો પછી વાતોચીતો માટે મારે મુંબઈ સુધી મૂંગા નહીં રહેવું પડે! અમે પણ મુંબઈ જ જઈએ છીએ..." એ સ્ત્રીએ હળવા મુસ્કાન સાથે પેલા બે પુરુષો તરફ અછડતી નજર નાંખીને કહ્યું, "આ મારા પતિ છે, અને એમની બાજુમાં બેઠા એ મારા દિયર. મુંબઈમાં સ્ટ્રીટ ફૂડની દુકાન છે અમારે..."

શેફાલીને એ સ્ત્રીની વાત જાણવામાં કોઈ રસ નહતો, છતાં તે ઔપચારિક સ્મિત સાથે માથું હકારમાં હલાવે જતી હતી.

"તમે એકલા જ મુંબઈ જાવ છો કે...?" એ સ્ત્રીએ તેના સૂતેલા બાળક પર મમતાભર્યો હાથ ફેરવતા પૂછ્યું.

"જી એકલી જ..." શેફાલીએ આછું હસીને એ સૂતેલા બાળકના માસૂમ મુખ તરફ જોયું. ત્યારબાદ તેની નજર બાળકના પગ પર પડી. એ બાળકનો જમણો પગ ઢીંચણ નીચેથી નહતો. શેફાલીનું હ્રદય એ બાળકનો અડધો પગ જોઈને સંવેદનાથી ઉભરાઈ આવ્યું. પહેલીવાર તેને સામેથી પૂછવાનું મન થઈ ગયું,

"તમારા બાબાને પગે શું થયું છે?"

એ સ્ત્રીએ તેના બાળકના જમણા પગ પર વહાલથી હાથ ફેરવીને કહ્યું, "ઈશ્વરે તેના દરબારમાંથી આને અપંગ જ અહીં મોકલ્યું છે. હવે ઘસડાઈને એક જગ્યાએથી બીજે જવાનું ધીરે ધીરે શીખવા લાગ્યું છે. એક પગ વિના બિચારું ચાલતા તો ક્યાંથી શીખે?" એ સ્ત્રીએ સાડીના છેડાથી આંખના ભીના ખૂણા લૂછી દીધા.

એ સ્ત્રીની તેના અપંગ બાળક પ્રત્યેની વેદના શેફાલીના સંવેદનશીલ હ્રદયને સ્પર્શી ગઈ. પોતે શું કહેવું એ તેને સમજાયું નહીં. ટિકિટ ચેકર ટિકિટ તપાસવા આવ્યો. શેફાલીએ તેની ટિકિટ બતાવી. પેલા પુરુષે તેમની ટિકિટો બતાવી અને ટિકિટ ચેકર ત્યાંથી આગળ જતો રહ્યો. સમય વિતાવવા શેફાલી તેના મોબાઈલમાં કિન્ડલ એપ ખોલી પુસ્તક વાંચવામાં વ્યસ્ત થઈ ગઈ, અને પેલા ત્રણેય અજનબી મુસાફરો એમના કામમાં.

ટ્રેન મુંબઈ તરફ પુરપાટ વેગે ભાગી રહી હતી.

* * *

પ્રકરણ – 3



થોડાક કલાકો વિત્યા. આકાશમાં અજવાળું પથરાઈ રહ્યું હતું. ટ્રેન આગલા સ્ટેશને સાત વાગ્યે ઊભી રહી. ચા અને નાસ્તો વેચતા છોકરાઓ બારી બહાર તો કેટલાક ટ્રેનમાં ચડીને તેમની એકની-એક લાઈન કર્કશ સ્વરે સતત બોલે જતાં. કેટલાક ઊંઘેલા મુસાફરો એમનો કલબલાટ સાંભળીને જાગી જતાં. સામેની બર્થ પર બેઠેલા પુરુષે એ સ્ત્રીને કંઈક પૂછ્યું. શેફાલી બારી બહાર ન્યૂઝ પેપર વેચનારની રાહ જોઈ રહી હતી.

"બેન, તમે ચા પીતા હોવ તો એક કપ ચા મંગાવી દઉં—" એ સ્ત્રીએ પૂછ્યું.

"જી ના..." શેફાલીએ સ્મિત સાથે કહ્યું.

"નાસ્તો તો કરશો ને?"

"ના, હું ઘરેથી લઈને જ આવી છું..." શેફાલીએ બેગ પર હાથ મૂકીને કહ્યું.

એ સ્ત્રીએ તેના પતિને ઈશારો કરીને ચા-નાસ્તો લેવા મોકલ્યો. બંને પુરુષો ઊભા થઈને બહાર નીકળ્યા. એ સ્ત્રીએ શેફાલી સામે સ્મિત કરીને કહ્યું, "તમારું નામ તો મેં પૂછ્યું જ નહીં..."

શેફાલીએ મોબાઈલમાંથી નજર ઊંચી કરીને કહ્યું, "શેફાલી..."

"સરસ નામ છે! મારું નામ સરલા અને બાબાનું નામ ચિરાગ રાખ્યું છે..." તેણે એના બાળકની ટી-શર્ટ સરખી કરીને કહ્યું, "શેફાલીબેન, તમે અહીં જ હોવ તો હું જરા બાથરૂમ જઈ આવું ત્યાં સુધી આને રાખશો...?"

"હા, બિલકુલ..." કહીને શેફાલીએ એ સ્ત્રીના હાથમાંથી સાચવીને સૂતેલા બાળકને પોતાના હાથમાં લીધું. એ બાળક વર્ણે શામ રંગનું હતું. મેષ આંજેલી તેની મીંચેલી લાંબી પાંપણોમાં તે ઘણું સોહામણું અને નિર્દોષ લાગતું હતું. શેફાલીએ બાળકને હાથમાં લેતા જ મમતાની લાગણીઓ હૈયામાં સ્ફુરતી અનુભવી. સૂતેલા બાળકે ઊંઘમાં જ તેના નાનકડા હાથ શેફાલીના ગળે વીંટી દીધા ને માથું તેના ખભા પર ઢાળી દીધું. સૂતેલા બાળકનો કોમળ સ્પર્શ પામીને અને તેનું હળવું વજન ઝીલીને શેફાલીના હોઠ પર મીઠું સ્મિત રમવા લાગ્યું. તેની નજર બાળકના જમણા પગ પર પડી. પછી તેણે સૂતેલા બાળકના માસૂમ ચહેરા સામે જોયું અને તેનું સંવેદનશીલ હૈયું સહાનુભૂતિના આંસુ ખેરવવા માંડ્યુ.

શેફાલીને એક વાતની નવાઈ લાગી. પોતે ટ્રેનમાં બેઠી હતી ત્યારથી આ બાળક સૂતું હતું અને જ્યારે એની માના હાથમાંથી પોતાના હાથમાં લીધું એ વખતે પણ તે જરાક પણ રડ્યું કે જાગ્યું સુદ્ધાં નહતું. તેણે બાળકના સુકાઈ ગયેલા ગાલ પર અંગુઠો ફેરવીને હળવેકથી વહાલ કર્યું. બાળકે તેની નાનકડી આંગળીઓની મુઠ્ઠી સહેજ ખોલીને ઊંઘરેટા અવાજે 'ઉમ્મ' કરીને જાગવા મથ્યું. તેણે તેની ઘેનાયેલી લાંબી પાંપણો માંડ સહેજ ઊંચકીને પાછું સૂઈ ગયું. શેફાલીના હોઠ બાળકની નરી નિર્દોષતા જોઈને હસી પડ્યા.

"જાગ્યો તો નથી ને...?" એ સ્ત્રીએ નજીક આવીને પૂછ્યું.

"ના. બહુ ભારે ઊંઘે છે!" શેફાલીએ હસીને બાળક એમને તેડાવ્યું.

"ઊંઘવા અને રડવા સિવાય બીજું કરે પણ શું? ઈશ્વરે પગ સાજા આપ્યા હોત તો અત્યારે દોડમદોડ કરી આખો ડબ્બો માથે લેત..." તેમણે બાળકના પીઠ પર મમતાભર્યો હાથ પસવાર્યો. બાળક હજુ પણ ખભા પર માથું ટેકવીને ઘસઘસાટ ઊંઘતું હતું. કામિનીનું મન હજુ પણ એ બાળકના ભારે ઊંઘ પાછળના કારણને સમજવા મથી રહ્યું હતું ત્યાં જ એ સ્ત્રીએ કહ્યું,

"શેફાલીબેન, તમે બાથરૂમ જતાં આવો હું અહીં જ બેઠી છું." એ સ્ત્રીએ બારી પાસે બેસતા કહ્યું.

શેફાલી તેનો મોબાઈલ લઈને બાથરૂમ તરફ ગઈ, અને પેલા બે પુરુષો ચા-નાસ્તો લઈને ડબ્બામાં પ્રવેશ્યા. તેમની બર્થ સીટ પર બેસીને તેમણે ચા-નાસ્તો શરૂ કરવા માંડ્યો.

થોડીક વાર બાદ, શેફાલી ફોન પર આરવ સાથે વાતચીત કરતી આવીને તેની સીટ પર બેસી. બારી પાસે ન્યૂઝ પેપરવાળો છોકરો આવતા જ તેણે પૈસા ચૂકવીને ઇન્ડિયન ટાઈમ્સનું અંગ્રેજી પેપર ખરીદ્યું. આરવ સાથે વાતચીત કરીને તેણે ફોન કટ કર્યો. તેણે પોતાની બેગમાંથી છુંદો અને થેપલાનો ડબ્બો ખોલીને ત્રણેય અજનબી મુસાફરો સામે ધર્યો. પેલા બે પુરુષોએ સ:સ્મિત ઈનકાર કર્યો, પણ એ સ્ત્રીએ સૌજન્યતાપૂર્વક થોડોક નાસ્તો ચાખ્યો. સ્વાદિસ્ટ થેપલા અને છૂંદાનો સ્વાદ મોંમાં ફેલાતા જ એ સ્ત્રીના મુખ પર સ્મિત છવાઈ ગયું. ત્યારબાદ તો તેણે શેફાલીની રસોઈની પ્રશંસા કરી અને પછી તો બંને વાતો કરવાના ગોટે ચડ્યા. સફર લાંબો હતો એટલે શેફાલીએ ખુશ થઈને વિચાર્યું કે ‘સમય વિતાવવા ચાલો થોડીક વાતચીત કરી લઉં, વાતોને વાતોમાં સમય ક્યાં પસાર થઈ જશે એની ખબર પણ નહીં પડે અને મુંબઈ હાલ આવીને ઊભું રહેશે...’

વાતચીતમાં તેમની વચ્ચે કલાકો પસાર થઈ ગયા. ટ્રેન એક પછી એક ગામડા અને શહેરો વટાવીને મુંબઈ તરફ ભાગી રહી હતી.

બપોરે શેફાલીએ પોતાની બેગમાંથી નાસ્તો કર્યા બાદ તે ન્યૂઝ પેપર વાંચવામાં વ્યસ્ત થઈ ગઈ.

સાંજે છ-એક વાગ્યે સૂર્ય ક્ષિતિજે ડૂબવાની તૈયારી કરી રહ્યો હતો. અચાનક શેફાલીને પેલા બાળકનો રડવાનો અવાજ સંભળાયો. તેના મનમાં ફરતી મૂંઝવણ છૂટી પડી ગઈ. તેણે એ સ્ત્રી અને બાળક સામે જોઈને સ્મિત કર્યું. ઊંઘમાંથી ઊઠીને રડતા બાળકના બંને પગમાંથી એક જ પગ હવામાં ઊછતો અને બીજો પગ ભાગ્યે જ ઊંચો થઈ શકતો. એ દ્રશ્ય જોઈને શેફાલીનું હૈયું સહાનુભૂતિથી ભરાઈ જતું. તેણે પાંપણો પલકાવીને નજર બારી બહાર કરી લીધી. એ સ્ત્રીએ દૂધની બાટલી રડતાં બાળકના ખુલ્લા મોંમમાં મૂકીને રડતું બંધ કરાવી દીધું, અને બાળક બચ-બચ કરતું દૂધ પીવા લાગ્યું...

સાંજના સાત વાગી ચૂક્યા હતા. રેલવેના કંડક્ટરે દરેક ડબ્બામાં ફરીને લાઈટ્સ ચાલુ કરી દીધી. બહાર ચારેકોર અંધારું ફેલાઈ ચૂક્યું હતું.

મુંબઈ હવે ચાર કલાક જ દૂર હતું. એ સ્ત્રી સાથેની વાતચીત દરમ્યાન શેફાલીની એની સાથે હળીમળી ગઈ હતી. તે એની સાથે વાતચીત કરે જતી હતી અને સફરના કલાકો ક્યાં કપાઈ જતાં એની ખબર નહતી પડતી.

નવ વાગ્યે ટ્રેન એક સ્ટેશન પર ઊભી રહી. શેફાલીના મોબાઈલની લોક સ્ક્રીન પર આરવનો મેસેજ આવ્યો: 'હેય શેફું, ભૂખ લાગી હોય તો હળવો નાસ્તો કરી લેજે. ડિનર તું આવે ત્યારે સાથે કરીશું...'

મેસેજ વાંચીને શેફાલીના હોઠ પર સ્મિત ખીલી ઉઠ્યું. તેણે મેસેજનો રિપ્લાય આપ્યો: 'ચિંતા કરતો તમારો મેસેજ વાંચીને મારી ભૂખ મટી ગઈ! સી યુ સૂન..! લવ યુ...!' લખીને હાર્ટશેપના બે-ત્રણ ઈમોજીસ મોકલ્યા.

'લવ યુ, ટુ...!' આરવે પણ હાર્ટશેપના અને ચૂમ્મી છોડતા ઈમોજીસ મોકલ્યા.

આરવનો રિપ્લાય વાંચીને શેફાલીના હોઠ મુસ્કુરાઈ રહ્યા હતા. તેણે મોબાઈલ બંધ કર્યો. ટ્રેનમાં ચા-નાસ્તો વેચનારાનો કલબલાટ સંભળાતો હતો. શેફાલીની નજર સામે બેઠેલા સરલાબેન પર પડી. તેમના ખોળામાં એમનું બાળક જાગતું હતું. તે મૌનપણે ટ્રેનની છતનું નિરીક્ષણ કરતું તો ક્યારે ડોકી ફેરવીને શેફાલી સામે ભાવહીન ચહેરે જોઈ લેતું. શેફાલીએ સ્મિત કરીને તેની સામે હાથ વેવ કર્યો. બાળકે નજર ફેરવીને એની મા સામે મોં કરી લીધું. તેની કાળી કીકીઓમાં સરલાબેનનો ચહેરો જડાતા જ તે મોં બગાડીને મોટા અવાજે રડવા માંડ્યુ. તેને છાનો રાખવાના ઘણા પ્રયત્નો કર્યા બાદ પણ તે ચૂપ ન થયું. સરલાબેને તેના નાનકડા મોંમાં દૂધની બાટલીની ડીંટળી દબાવી દીધી, અને થોડીક વારમાં તેનું રડવાનું બંધ થઈ ગયું. સરલાબેને તેને સાડીના પાલવમાં લઈને સૂવાડી દીધો.

શેફાલીએ મોબાઈલમાં સમય જોયો. 9:12 PM થયા હતા.

"શેફાલીબેન, ટ્રેન હજુ કલાક અહીં ઊભી રહેશે." સરલાબેને કહ્યું.

"એક કલાક..!?" શેફાલીની આઈબ્રો કપાળે ખેંચાઈ.

સરલાબેને આછું હસીને માથું હલાવ્યું, "અડધી ટ્રેન આ સ્ટેશન પર જ ખાલી થઈ જશે, અને પછી સીધી મુંબઈ સ્ટેશને જઈને ઊભી રહેશે. અમારે તો દર પંદર દિવસે આ ટ્રેનમાં મુસાફરી થતી જ હોય છે."

"કેટલો સમય લાગશે મુંબઈ પહોંચતા?"

"સાડા બાર-એક તો વાગી જ જશે..." તેમણે કહ્યું અને પેલા બે પુરુષો તેમના હાથમાં બે કપ ચા અને નાસ્તામાં ગરમાગરમ ગોટાની ડિશો લઈને આવ્યા. સરલાબેને ચાનો કપ લઈને શેફાલી સામે ધર્યો, અને મર્માળું હસીને કહ્યું, "શેફાલીબેન, હજુ ચાર કલાકની સફર છે. તમે થોડોક ચા-નાસ્તો કરી લો..."

"અરે ના ના સરલાબેન, તમે ચા-નાસ્તો કરી લો..." શેફાલીએ નમ્રભાવે ઈનકાર કર્યો.

"હું તો કરીશ જ, પણ આ કપ એ ખાસ તમારા માટે લાવ્યા છે. હવે ના નહીં પાડો! ચાર કલાકની સફરમાં આટલું તો ક્યાંય પચી જશે. લઈ લો હવે નહિતર ચા ઠંડી થઈ જશે..." મીઠો આગ્રહ કરીને એમણે કહ્યું.

શેફાલી ઘણા કલાકોથી તેમની સાથે વાતચીત કરી રહી હતી એટ્લે આ વખતે સરલાબેનના ભાવભર્યા મીઠા આગ્રહ સામે શેફાલીએ નમતું જોખવું જ પડ્યું. "તમે પણ ખરા છો..." તેણે હસીને કપ હાથમાં લીધો. પેલા બંને પુરુષો ચા-નાસ્તો આપીને બહાર આંટો મારવા નીકળી ગયા.

શેફાલી અને સરલાબેન વાતચીત કરતાં કરતાં ચા-નાસ્તો કરવા લાગ્યા. ચા પીધાના થોડાક સમય બાદ શેફાલીની આંખોના પોપચાં જરાક ભારે થવા લાગ્યા. ધીરે ધીરે તેની આંખોમાં ઊંઘ ઘેનાવા લાગી. તે ચાનો કપ મૂકીને એના બર્થની સીટ પર ધીરેથી આડી ઢળી પડી. શેફાલીને જોઈને એ સ્ત્રીના મુખભાવ પલટાઈ ગયા. તેના હોઠ પર કુટિલ સ્મિત ખેંચાઈ ગયું. તેણે પોતાના બ્લાઉઝમાંથી મોબાઈલ કાઢીને બે રિંગ મારી ફોન કટ કરી દીધો. એક જ મિનિટની અંદર મૂછોવાળો પુરુષ તરત ડબ્બામાં આવી ગયો. એ સ્ત્રી અને પુરુષ વચ્ચે મૌન સંકેતોની આપ-લે

થઈ. એ સ્ત્રી સૂતેલા બાળકને તેડીને ત્યાંથી ઊભી થઈ, અને શેફાલીનો મોબાઈલ તેના હાથમાંથી લઈને ત્યાંથી નીકળી ગઈ.

* * *

પ્રકરણ – 4



એ સ્ત્રી ડબ્બાના દરવાજા પાસે આવીને ઊભી રહી. ડબ્બાના પંખા અને લાઈટોના પાવર સપ્લાય માટેનો વાયર તેણે સિફતથી કટ કરી નાંખ્યો. તત્ક્ષણ એ ડબ્બાની બધી લાઈટ્સ અને પંખા અચાનક બંધ થઈ ગયા..! ડબ્બામાં અંધારું છવાઈ ગયું. મૂછોવાળા પુરુષના મુખ પર કાતિલ સ્મિત રમવા લાગ્યું. તેણે તરત જ બેભાન શેફાલીને પોતાના ખભે ઉપાડીને લીધી. ડબ્બામાં બેઠેલા લોકો લાઈટ અને પંખા ચાલુ કરવાની ફરિયાદ માટે કઈ બોલે એ પહેલા જ એક પુરુષનો અવાજ આવ્યો, “કૃપયા વહાં બૈઠે સભી યાત્રી અપની જગહ પર બૈઠે રહીએગા... એક છોટી સી તકનીકી ખરાબી કે લિયે ખેદ હૈ... કુછ મિનટમે લાઈટ ઔર પંખે શુરું હો જાયેંગે...”

પોતાની સીટ પરથી ઊભા થવા જતાં મુસાફરો સૂચના સાંભળીને તરત એમની જગ્યાએ પાછા બેસી ગયા. મૂછોવાળો પુરુષ શેફાલીને ઉપાડીને ત્વરાથી ટ્રેનના બીજા દરવાજે ઉતરી ગયો. બંને બાજુના પ્લેટફોર્મ વચ્ચે રેલવે ટ્રેકના ચાર-પાંચ પાટા સિફતથી ઓળંગીને ઉતાવળા પગે તે ભાગી રહ્યો હતો. એની પાછળ પેલી સ્ત્રી પણ ભાગી રહી હતી. શેફાલીને ઉપાડીને ભાગતો પુરુષ જે પાટા વચ્ચે ભાગી રહ્યો હતો એના પર જ એક ટ્રેન પુરપાટ ઝડપે પાછળથી આવતી હતી. પેલી સ્ત્રીઓ બૂમ પાડી, “રઘુ..! પીછે સે ટ્રેન આ રહી હૈ!”

એ પુરુષે દોડતા દોડતા પાછળ ફરીને જોયું. પોતે દોડી રહ્યો હતો એ જ ટ્રેક પર હોર્ન વગાડતી ટ્રેન નજદીક આવતી જોઈને તે હેબતાઈ ગયો! તેના હૃદયની ધડકનો તેજ થઈ ગઈ! તે તરત જ બાજુમાં પગ મૂકી ઉતરી ગયો. તેજ ઝડપે ટ્રેન તેની બિલકુલ બાજુમાંથી ખટકખટક..!! ખટકખટક..!! ખટકખટક..!! કરતી પસાર થવા લાગી.

બેહોશ શેફાલીના ખુલ્લા વાળ અને ડ્રેસનું કપડું જોરદાર પવનની ઝપટને લીધે ધજાની જેમ ફરકવા લાગ્યા. જાણે ભૂકંપ આવ્યો હોય એમ ત્યાંની જમીન પરના પથ્થરો ધ્રુજી રહ્યા હતા. એ પુરુષ શેફાલીને ઉપાડીને દોડી રહ્યો હતો.

બેભાન શેફાલી અજનબી મુસાફરોની જાળમાં ફસાઈ ચૂકી હતી. તે જે ટ્રેનમાં મુંબઇ પહોંચવાની હતી એ ટ્રેન હવે હોર્ન વગાડીને ઉપડવાની તૈયારી કરી હતી. થોડીકવારમાં ટ્રેન શેફાલીના સામાન સાથે મુંબઇ જવા રવાના થવા લાગી.

*

ત્રણેક કલાક બાદ શેફાલીની આંખો ધીરેથી ખૂલી. તે હજુ પણ ચામાં ભેળવેલી બેહોશીની દવાની અસરમાં હતી. ઘેનમાં તેની આંખો સહેજ ખૂલી. તેણે આસપાસ જોયું ત્યારે તેને એટલો અહેસાસ થઈ ગયો કે પોતે ટ્રેનમાં નહીં પણ એક કારમાં છે! પેલા અજનબી મુસાફરોમાં મૂછોવાળો પુરુષ તેની બિલકુલ બાજુમાં જ બેઠો હતો. અને આગળની સિટમાં પેલી સ્ત્રી એના બાળકને લઈને બેઠી હતી અને એની બાજુમાં પેલો બીજો પુરુષ ગાડી ડ્રાઈવ કરી રહ્યો હતો.

શેફાલીની ઘેનાયેલી આંખોની ઝાંખી દ્રષ્ટિમાં ત્રણેયના ચહેરા પર રમતું કુટિલ સ્મિત જોઈને તે કંઈક વિરોધ કરવા ઈચ્છતી હતી, કંઈક બોલવા ઈચ્છતી હતી, પણ તે બોલી ન શકી. તેની આંખોના પોપચાં હજુ પણ બેહોશીની અસરમાં ઢળી પડતાં હતા. બેહોશીમાં પણ તે એટલું પાકું સમજી ચૂકી હતી કે પોતે ક્યાંક ચોક્કસ ફસાઈ ચૂકી છે. હોશમાં આવવા મથતા તેના મનમાં અનેક પ્રશ્નો ચકરાવા લાગ્યા: 'અત્યારે તો તેણે ટ્રેનમાં હોવું જોઈએ પણ પોતે કારમાં કેવી રીતે આવી ગઈ? અને આ લોકો મને ક્યાં લઈ જઈ રહ્યા છે?' –

થોડાક સમય બાદ તેને થોડોક વધુ હોશ આવ્યો. હવે તે બોલવાની હાલતમાં હતી એટલે તેણે મૂંઝાયેલા અવાજે કહ્યું, "હું—હું કારમાં કેમ છું? મને છોડી દો... મને જવા દો. મારા હસબન્ડ મારી રાહ જોતાં હશે."

શેફાલીની બાજુમાં બેઠેલા પુરુષે પીઠ પાછળથી લાંબુ ધારદાર ખંજર કાઢી તેનો અસલી રુઆબ બતાવ્યો. ખંજર જોઈને શેફાલીના

ડોળા ભયથી ફાટી પડ્યા! ખંજરની તીક્ષ્ણ ધારની ચમક જોઈને પુરુષે ગુટકાની વાસ મારતા મોંએ ધમકી આપી, "એય ચૂપ મર..!! અબ તું અગવા હો ચૂકી હૈ. અગર તુને શોર-શરાબા કિયા તો તેરા ગલા કાટ દૂંગા..! સમજી ક્યા..!" –

તેના ધારદાર શબ્દોની જીવલેણ ધમકી સાંભળીને શેફાલીનું આખું શરીર ભયથી કંપકપી ઉઠ્યું! તે હોઠ સિવીને ચૂપ થઈ ગઈ! તેની આંખો આંસુથી ઉભરાવા લાગી. હવે એક શબ્દ પણ ઉચ્ચારવો એ તેને તેના જીવ માટે ખતરો લાગવા લાગ્યો.

"એય બહેરી હૈ ક્યા..? અભિ તુજે બાત કહી વો તેરે ભેજે મે ઉતરી હો તો મુંડી હલાનેકા..! સમજી ક્યા..?" મૂછોને તાવ દઈને એ પુરુષે કહ્યું.

શેફાલીએ મૌન રહી રડી રહી હતી. તેણે ડરથી ધ્રૂજતું માથું બે-ત્રણવાર હલાવ્યું અને આંસુ છલકાતી આંખો લૂછી દીધી. આગળની સીટ પર બેઠેલી પેલી ઢોંગી સ્ત્રીએ પાછળ ડોકું ગુમાવીને દુષ્ટ સ્મિત કરી પહેલીવાર તેનો ખરો રંગ દેખાડ્યો.

બારી બહાર અંધારું હતું. રોડ પરની નારંગી સ્ટ્રીટ લાઈટ્સના થાંભલા એક પછી એક પસાર થયે જતાં હતા.

થોડીકવાર બાદ મુંબઈની કોઈક જગ્યાએ ગાડી ઊભી રહી. પાછળ બેઠેલા પુરુષે ગાડીનો દરવાજો ખોલીને શેફાલીને બાવડામાંથી પકડી. આંસુ નીતરતી આંખે શેફાલીએ બંને હાથ જોડીને રડી પડી, "પ્લીઝ છોડ દો મુજે..!!"

એ પુરુષે ગુસ્સેથી દાઢ ભીંસીને શેફાલીના બંને ગાલ જોરથી દબાવીને પિચકાવી નાંખ્યા અને એના મોં નજીક જઈને દાંત કચકચાવીને કહ્યું, "દેખ લડકી..! તુજે અપની જાન પ્યારી હો તો કહા જાય વૈસા કરને કા..! વર્ના પૂરા ખંજર તેરી ખોપડી મે ગોપ દૂંગા..!"

રડી રહેલી શેફાલીએ દબાયેલા મોંમાંથી એ પુરુષના ચહેરા પર થૂંકીને તેના અંદર ભભૂકતો રોષ ઠાલવ્યો. પેલાએ આંખો મીંચીને ભારે ગુસ્સાથી શેફાલીના દબાવેલા ગાલને ઝનૂનપૂર્વક ઝટકો મારીને છોડી દીધો. શેફાલીનું માથું ગાડીના કાચ પર અફડાયું. તેની ડાબી આઈબ્રો પર

લોહીનો ટશિયો ફૂટ્યો. તેની આંખોમાંથી સતત આંસુઓ વહ્યે જતાં હતા. તેના ભીતરમાં રોષ સાથે અસહાય હોવાની લાગણીઓ ઘૂંટાયે જતી હતી. તે અંદરથી તૂટી રહી હતી. પેલા પુરુષે ગુસ્સેથી શેફાલીનું બાવડું ડાબા હાથથી પકડ્યું અને જમણા હાથથી તેનું ગળું પકડીને કહ્યું, “એક બાત સુન લે..! અબ યહાં તુજે કોઈ બચાનેવાલા નહીં હૈ. ઈસીલીયે આખરી બાર તુજે બોલ રહા હુ કી જૈસા કહા જાય વૈસા કર..! વર્ના સચ મેં યહી માર દૂંગા..! ફીર તુજે તો ક્યા તેરી લાશ કો ભો કોઈ ઢૂંઢ નહીં પાયેગા..! સમજી ક્યા? રોના-ધોના બંધ કર ઔર ચૂપચાપ અંદર ચલ...”

શેફાલી એ પુરુષના વિકરાળ મુખભાવ જોઈને ગભરાઈ ગઈ. પોતે કઈ જગ્યાએ ફસાઈ ગઈ છે એની એને જરાયે ખબર નહતી. શેફાલીએ ભીની આંખો લૂછી લીધી. એ પુરુષે તેનું બાવડું પકડીને ગાડી બહાર કાઢી. મુંબઈમાં શેફાલીનો પહેલો પગ એક એવી જગ્યા પર પડ્યો જે બદનામ હતી.

ચારેકોર અંધારું પથરાયેલું હતું. હળવી હવા ફૂંકાતી હતી. વાતાવરણમાં ફિલ્મી જૂના ગીતો સ્પીકર પર ગુંજી રહ્યા હતા.

એ પુરુષે શેફાલીનું બાવડું ખેંચીને એક ઘરની અંદર લઈ ગયો. એ ઘરની અંદર ગયા બાદ શેફાલીએ પહેલીવાર એ જગ્યા અને માહોલ જોયો ત્યારે તરત જ તેને અહેસાસ થઈ ગયો કે પોતે કઈ જગ્યાએ આવી છે.

* * *

પ્રકરણ – 5



શેફાલી મુંબઈના એક રેડલાઈટ એરિયામાં ફસાઈ ગઈ હતી. અને તે રેડ લાઈટ એરિયાના એક બંગલામાં હતી. એ બંગલાની માલકીન, લીલાવતી મોંમાં પાન ચાવતી ત્યાં આવી. તે દેખાવે સામાન્ય હતી, પણ તેના ભરેલા દેહને જોઈને ત્યાં આવતા પુરુષોની લાળ ટપકાવવા લાગતી. મરૂન બ્લાઉઝમાં માંડ સમાતા તેના ભરાવદાર સ્તનયુગ્મોની ફાંટ જોઈને ત્યાં આવતા પુરુષોને તેની સાથે સંભોગ માણવાની જાણે ખણ ઉપડવા લાગતી. જોકે લીલાવતી સંભોગ માટે ભાગ્યે જ કોઈને ઘાસ નાંખતી, અને જેને નાંખતી તેના ખિસ્સા ખાલી કરી દેતી...

શેફાલીનો ગોરો દેખાવ અને યુવાન સૌદર્યતા જોઈને તેના લાલચટ્ટાક હોઠ પર કુટિલ સ્મિત આવી ગયું. એ પુરુષે શેફાલીને લીલાવતીના હવાલે સોંપી દઈ તેનું બાવડું છોડ્યું. એ પુરુષ ઉગ્ર સ્વરે સરલા પર તડૂક્યો, “ઈસ કમીને કો કિસી ઔર કો પકડા ઔર ઈસકો સંભાલ..!”

એ સ્ત્રીએ પેલું બાળક ત્યાં ઘરમાં ફરતી બીજી છોકરીને પકડાવી દીધું અને શેફાલીની ચોકી કરવા લાગી. શેફાલીએ દાંત ભીંસીને ભીની આંખે બોલી, “સાલી નીચ નપાવક..! તે જે મારી સાથે કર્યું એની સજા તું ભોગવીને જ રહીશ..!” કહી પોતે રુદનમાં તૂટી ગઈ.

સરલા તેની સામે જોઈને ઘૃણાજનક સ્મિત સાથે હસી પડી. પછી તે પેલા રડતાં બાળક તરફ આંગળી કરીને બોલી, “આ મારું છોકરું નથી, લાવારિસ છે, અનાથ..! આના કાપી નાંખેલા પગના કાંટામાં તું માછલી બની અમારો શિકાર બની ગઈ..!”

પાન ચાવતી આધેડ વયની લીલાવતીએ હાથથી ઈશારો કરીને

સરલાને ચૂપ મરવાનો ઈશારો કર્યો. તે પાન ચાવતી ચાવતી શેફાલીની નજદીક આવી અને તેને પગથી માથા સુધી નિરખી, પછી કુટિલ હાસ્ય સાથે પેલા પુરુષને કહ્યું, "વાહ રઘુ..! માનના પડેગા..! ગોરીચિટ્ટી કબૂતરી ફસાકે લાયા હૈ! એકદમ કડક માલ હૈ!"

"તુંમ સબ નરક મેં સડોગે, બદમાશો..!" શેફાલી દાઢ ભીંસીને બરાડી ઉઠી.

"સાલી કી જબાન તો કેંચી કી તરહ ચલતી હૈ, હાં..!" એ પુરુષે આવેશપૂર્વક શેફાલીના ગાલ જોરથી પિચકાવીને ખંજરની ધાર બતાવી, "સામને જબાન ચલાયેગી તો પૂરી શકલ બિગાડ કે રખ દૂંગા, સમજી..!"

"હિંમત હૈ તો બિગાડ કે દિખા, સાલે નામર્દ..!" શેફાલીએ તેને પડકાર્યો.

એ પુરુષના અહંમ પર ઊંડો ચીરો પડ્યો. તેણે ઝનૂનપૂર્વક શેફાલીના ગાલ દબાવીને ખંજર હવામાં કર્યું ને—લીલાવતી બરાડી ઉઠી, "રઘુ રૂક..!!"

તેનો હાથ હવામાં જડવત સ્થિર થઈ ગયો. તેની છાતી ધમણની માફક હાંફતી હતી. આંખોના પહોળા ડોળા લાલગુમ અંગારાની જેમ ભભૂકતા હતા. તેની અંદરનું જાનવર જાગી ઉઠ્યું હતું. શેફાલી ભયથી હેબતાઈ ગઈ હતી. તેનું હ્રદય તેજ ગતિએ ધડકતું હતું. તેનું આખું શરીર સૂકા પાંદળાની જેમ થર થર કાંપતું હતું.

"પૈસે ચાહીએ તો છોડ ઉસે..!"

રઘુએ ગંદી ગાળ ભાંડીને ઝટકાથી શેફાલીનો ચહેરો છોડ્યો. શેફાલી જમીન પર ફસડાઈ પડી. તેના ગોરા ગાલ લાલગુમ બની ગયા હતા. તેના શરીરમાંથી જાણે શક્તિ હણાઈ ચૂકી હતી. તેનું આખું અસ્થિત્વ હચમચી ગયું હતું. તેની સાથે આજ સુધી કોઈએ પણ આવી નિષ્ઠુર અને ક્રૂરતાથી વર્તન નહતું કર્યું. તે અંદરથી તૂટીને વિખરાઈ ગઈ હતી. તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

"બહોત ચરબી ચડ ગઈ હૈ સાલી કુત્તીકે દિમાગ મેં... એક ઘંટે કે લિયે એક કમરે મેં મેરે સાથ ભેજ ઈસે..! સાલી કી સારી ચરબી ઉતાર કે રંડી બના દૂંગા..!" એ ગુસ્સામાં ધ્રૂજતો હતો.

"અભિ નહીં. સદમે મેં હે વોહ..!" તેણે ત્યાં ઊભેલી છોકરીને કહ્યું, "દિપ્તી, એક ગ્લાસ ઠંડા પાણી લે કે આ."

એ છોકરીએ ઠંડુ પાણી રઘુને આપ્યું. પાણી પીધા બાદ તેનું તપેલું માથું અને ધમધમ થતી નસો જરાક હળવી પડી.

પાન ચાવતી લીલાવતીએ તેની કમરે લટકતી ચાવીનું લૂમખું હાથમાં લઈને તેના રૂમમાં ગઈ. થોડીકવાર બાદ તે પાછી આવી અને રઘુના હાથમાં એંસી હજારની થક્કી થમાવી દીધી અને કહ્યું, "ચલ અબ ક્લ્ટી હો...!"

"ઈસ કુત્તી કો નહીં તો કિસી ઔર કો કમરે મેં ભેજના. તેરે લિયે મૈં ઈતના કડક માલ લે કે આયા ઈસકા બોનસ સમજ કે..." રઘુએ લુચ્ચું હસીને કહ્યું.

"તું કભી નહીં સુધરેગા..." લીલાવતી પણ લુચ્ચું હસી પડી.

"સુધર જાઉંગા તો તેરે લિયે લડકીયાં કોન લાએગા, હાં?" રઘુના રૂંવે રૂંવે યુવાન છોકરીઓને પીંખવાની ખંજવાળ ઉપડી હતી, "ભેજના મેરી દો રાનીઓ મેં સે કિસી એક કો..."

"તેરી દોનો રાની આજ બૂક હો ગઈ હૈ! કલ મુંહ મારને લેના..!"

"આજ રાત મેરે અંદર કા જાનવર બહોત ભુખા હો ચુકા હૈ..! તું હી મેરી ભૂખ મિટા દે..! તેરે સાથ કિયે બહોત દિન બિત ગયે..! ચલના..!" રઘુના મનમાં ઐયાસીની એ જૂની પળો તાજી થઈ ગઈ.

"જિસ પિચકારી મેં પાની ના હો ઉસસે હોલી નહીં ખેલી જાતી..!" લીલાવતીએ સીધો ઘા કર્યો.

સરલા અને ત્યાં ઊભેલી છોકરીઓના હોઠ વચ્ચેથી હસું છૂટી પડ્યું.

રઘુ ભોંઠો પડી ગયો.

"કલ તેરે લિયે માધુરી બૂક હો ગઈ, બસ! ઘરાકી કા ટાઈમ શરૂ હોને વાલા હૈ... ચલ અબ ક્લ્ટી હો..." લીલાવતીએ તેને ખુશ કરવા કહ્યું.

માધુરી નામ સાંભળતા જ રઘુના મનમાં યુવાન બદનના કમનીય વળાંકો, સ્તનોના ઊભાર, બલ્બ આકારના માંસલ નિતંબો અને માદક ઊંહકારા લેતો ઉત્તેજક સ્વર યાદ આવી ગયો. ઉત્તેજનાનું લખલખું તેની કરોડરજ્જૂમાંથી પસાર થઈ સમગ્ર દેહમાં વ્યાપી ગયું. તેણે ઊંડો ઘસાતો શ્વાસ ફેફસામાં ભર્યો, અને ચહેરા પર વાસનાયુક્ત દુષ્ટ હાસ્ય ખેંચાઈ ગયું. ત્યારબાદ બંને પુરુષો કુટિલ સ્મિત સાથે ત્યાંથી ફરાર થઈ ગયા.

લીલાવતીએ જમીન પર ફસડાઈ પડેલી શેફાલી સામે જઈને કહ્યું, “અબ યહી તેરી નયી જિંદગી હૈ ઔર ઘર ભી..! જીતના હો સકે ઈતના જલ્દ યે સચ કો અપના લે! વર્ના જ્યાદા દુખી હોગી..!”

શેફાલી પોતાની આંખો સામે પોતે એંસી હજારમાં વેચાઈ ચૂકી હતી. પેલા બને પુરુષો એ એક પ્રકારના દલાલ હતા જે ટ્રેનમાં, બસના અડ્ડામાં જે સ્ત્રીઓ એકલી હોય એમને દેખતા, દોસ્તી કરતાં, અને એમની સાથે મીઠી વાતો કરી તેમનો ભરોષો જીતી લઈ તેમને ફસાવી લેતા, અને આ રીતે રેડ લાઈટ એરિયામાં લાવી જણસની જેમ વેચી દેતા. આ જ ઘટનાનો શિકાર શેફાલી બની હતી.

શેફાલી મુંબઈના એક બદનામ કોઠામાં કેદ હતી. બંને દલાલો એને વેચીને ફરાર થઈ ચૂક્યા હતા. શેફાલી પાસેથી મોબાઈલ પણ છીનવી લીધો હતો. તે લીલાવતી સામે તમામ અરજીઓ કરતી રહી, રડતી રહી, દયાની ભીખ માંગતી રહી કે: ‘મને છોડી દો... તમને જોઈએ એટલા પૈસા આપીશ પણ મને અહીંથી જવા દો..! મારો હસબન્ડ મુંબઈ ટ્રેન સ્ટેશને મારી રાહ જોતો હશે, ચિંતા કરતો હશે... પ્લીઝ મને છોડી દો...’ પણ એ પથ્થરદિલ સ્ત્રી પર કોઈ જ અસર ન થઈ. તેણે બ્લાઉઝમાંથી પાનનું બોક્સ કાઢી એમાંથી એક પાન મોંમાં ખોસીને કાથાવાળી આંગળીઓ બંને હોઠ વચ્ચે ચૂસી લીધી. તેણે સરલાને ઈશારો કરીને કહ્યું, “ઈસકો મોહિની કે કમરે મે લે જા ઔર સમજા-ફૂસલા કે તૈયાર કર લે..!”

“મૈં મર જાઉંગી પર ઐસે કામ કભી નહીં કરુંગી..!!” શેફાલી ફાટેલા અવાજે બરાડી ઉઠી અને રડી પડી.

“વાહ! ક્યા ઈત્તેફાક હૈ..!” લીલાવતી ખૂંધુ હસી પડી, “યે સબ લડકીયા દેખ રહી હૈ તું...” તેણે પાન ચાવતા ચાવતા ત્યાં ઊભેલી આઠ-

દસ યુવાન છોકરીઓ તરફ ટ્રિમ્ડ આઈબ્રો ઉલાળીને કહ્યું, "...ઈન સબને પહેલે તુંને બોલી બિલકુલ વૈસી હી લાઇન બોલી થી..! આજ સબકી સબ હમારે સારે કસ્ટમર કો ચુંબક કી તરહ ખીંચ લાતી હૈ ઔર બહોત મજે કરવાતી હૈ... તું ભી એક દિન ઈસ લડકિયો કે બીચમે ખડી હોગી ઔર તેરે જૈસી દૂસરી આયેગી તબ તુને બોલી વહી લાઇન ફિરસે તું જે સુનને કો મિલેગી."

"મેં ઈન જૈસીમેં સે નહીં હું! મેં યહાં સે ભાગ નિકલુંગી...!" શેફાલીએ હિંમત જૂટાવીને કહ્યું.

"યે રેડ લાઇટ એરિયા હૈ લડકી! અબ યહાં સે ભાગના નામુંકિન હૈ! ઔર એક બાત અચ્છી તરહ સે તેરે ભેજેમે ઉતાર લે કી અબ તું બિક ચૂકી હૈ! અસ્સી હજાર મેં..! ઈસ કામ કો જલ્દ સે અપનાલે વર્ના હમે મનાને કે સારે તૌર-તરીકે અચ્છી તરહ સે આતે હૈ!" એ સ્ત્રીએ બાજુના વોશબેસિનમાં લાલગુમ પિચકારી મારી, હોઠ લૂછ્યા અને પછી શેફાલીનું બાવડું પકડીને ઊભેલી સ્ત્રીને કહ્યું, "સરલા, તું ઈસકો મોહિની કે કમરે મેં ડાલ દે..."

સરલા શેફાલીનું બાવડું ખેંચીને કહેલાં કમરામાં લઈ ગઈ, અને દરવાજો બહારથી વાખી દીધો. શેફાલીએ કમરાની અંદર પગ મૂકતા જ પરફ્યુમની સુવાસ તેના નાકમાં પ્રવેશી. તે આવી જગ્યાએ આવીને અંદરથી તૂટી રહી હતી. તેણે ક્યારેય સપનેયે કલ્પના નહતી કરી કે પોતે ઘીન્ન આવે એવા સ્થળે ફસાઈ જશે અને એક વસ્તુની જેમ પોતાની આંખો સામે વેચાઈ જશે! તેને આરવનો ચહેરો યાદ આવી ગયો. તે જમીન પર ફસડાઈ પડી અને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. પોતે અત્યારે તો આરવ પાસે પહોચી ગઈ હોત એ વિચાર સાથે જ તેની આંખોમાંથી આંસુનો પ્રવાહ છલકાઈને રેલાવા લાગ્યો. સતત રડી રડીને તેની આંખો સુઝવા લાગી હતી. પેટમાં ખૂબ જ ભૂખ લાગી હતી. તેને થતું કે કાશ..! આ એક દુસ્વપ્ન હોય... પરંતુ વાસ્તવિકતા એ હતી કે પોતે એક બદનામ કોઠાના એક નાના ઓરડામાં પુરાયેલી હતી—પોતાની અનિચ્છાએ...

* * *

પ્રકરણ – 6



ઓરડાની દીવાલો પર ઠેર ઠેર સ્ત્રી-પુરુષના અશ્લીલ ચિત્રો ચીપકેલા હતા. એક બિસ્તર પર બે-ત્રણ પોર્નોગ્રાફિક મેગેઝીન પડ્યા હતા અને બારી પાસે તેલ-માલીશની અડધી બોટલ ભરેલી હતી. ખૂણામાં એક ટેબલ પર ટીવી અને એની બાજુમાં કેટલીક DVDs તથા સ્ટ્રેપ-ઓન સાથે જોડેલો શિશ્ન આકારનો કથ્થાઇ ડિલડો પડ્યો હતો. શેફાલી આ દ્રશ્ય જોઈને સતત માથું ધુણાવી પોતાની બંને હથેળીમાં મોં છુપાવી દીધું અને ફરીથી ધુસકે ધ્રુસકે રડી પડી. થોડીકવાર બાદ સરલાએ દરવાજો ખોલીને ભોંયતળિયે જમવાની ડિશ સરકાવી. "જમી લે..! પછી આખી રાત રડ્યા કરજે..!"

"અહીંનો એક કોળિયો નહીં જમું..!" શેફાલીએ ધારદાર નજરે તેની સામે જોયું, "તે મારી સાથે જે કર્યું એની સજા હું તને આપીને જ રહીશ, સાલી નીચ ઔરત! મારા હાથનું જમ્યા બાદ મારી સાથે જ આવું કરતાં તારી હિંમત કઈ રીતે ચાલી..? તને શરમ ન આવી..!"

"શરમ..!!" તે રાક્ષસ જેવુ દુષ્ટ હસી, "...અમારું કામ જ શરમને નેવે મૂકવાનું છે! આ કામમાં રહીને હવે શરમને અને મારે કશું લાગતું વળગતું નથી. ધીરજ રાખ..! એક દિવસ તું પણ મારા જેવી જ બની જઈશ..! ચલ હવે જમી લે..! માલકીન કાલથી તને કામ પર લેવાના છે! કાલે તારે પહેલી બોણી કરાવીને એમને રાજી કરી દેવાના છે!"

"હું મરી જઈશ પણ આવા કામ ક્યારેય નહીં કરું..!" કહેતા શેફાલીનો અવાજ તરડાઈ ગયો.

"ભલે..!! પણ એક વાત મગજમાં ઉતારી લેજે કે મોડુ કે વહેલા તારે પગ ખોલવા મજબૂર તો થવું જ પડશે..! નહિતર માલકીન તારો રેપ

કરાવીને તારા પર ખર્ચેલા રૂપિયા વસૂલ કરશે..! પછી તું અમારા જેવી જ એક વેશ્યા બની જઈશ...! આ કામ માટે તૈયાર થવા મન મનાવી લે... કેમકે માલકીન થોડાક જ દિવસમાં રંડીની તકતી તારા કપાળ પર લગાવવાની છે..." રાક્ષસી અટ્ટહાસ્ય કરી તેણે જોરથી દરવાજો વાખી દીધો.

સરલાના ઝેર ઓકતા શબ્દો સાંભળીને શેફાલીને લાગ્યું કે કોઈકે પોતાના કપડાં ઉતારી જાહેરમાં નિવસ્ત્ર ઊભી કરી દીધી હોય. તેની આંખો આંસુથી નીતરવા લાગી. ભીતરમાં વિચિત્ર લાગણીઓનું તાંડવ મચવા લાગ્યું હતું. તે આખી રાત ભોંયતળિયે રડતાં રડતાં જ ઊંઘમાં સરી પડી.

*

રાત્રે બાર વાગ્યે આરવ મુંબઈ રેલવે સ્ટેશન પર રાહ જોતો ઊભો હતો. તેણે શેફાલીને ફોન કર્યો, પણ તેનો ફોન સ્વીચ્ડ ઓફ આવતો હતો. તેણે વિચાર્યું કે વીસ કલાકની મુસાફરીમાં કદાચ તેના ફોનની બેટરી ખતમ થઈ ગઈ હશે.

થોડીક વાર બાદ શેફાલી જે ટ્રેનમાં બેસી હતી એના આવવાનું અનાઉન્સમેન્ટ થયું. એકાદ મિનિટમાં ટ્રેન આવી પહોંચી. શેફાલી ટ્રેનમાં કયા ડબ્બામાં બેઠી હતી એ ડબ્બા નંબર શોધી તે ત્યાં દોડી ગયો, અને સ:સ્મિત તેની બહાર આવવાની રાહ જોવા લાગ્યો. ધીરે ધીરે એક પછી એક મુસાફરો કિડીયારાની જેમ ઊભરાતા બહાર ઠલવાવા લાગ્યા. થોડીકવારમાં આખો ડબ્બો ખાલી થઈ ગયો પણ શેફાલી અંદરથી ન ઉતરી એ જાણીને આરવ ભારે ચિંતામાં સપડાયો.

તે ટ્રેનનો ડબ્બા નંબર અને બર્થ નંબર પણ જાણતો હતો, એટ્લે તે શેફાલીને શોધવા ડબ્બાની અંદર ગયો. તેનો બર્થ નંબર શોધીને જે જોયું એ દેખીને આરવની હાલત ખરાબ થઈ ગઈ. શેફાલીની બેગ અને સેન્ડલ ત્યાં જ પડેલા હતા, પણ તે ત્યાં નહતી. શેફાલી બેગ અને સેન્ડલ મૂકી ક્યાં ગઈ હશે એ વિચાર આરવને વધુ બેચેન અને ભયભીત કરવા લાગ્યો. તેણે શેફાલીને ફોન લગાવ્યો. તેનો ફોન ફરીથી સ્વિચડ ઓફ આવતો હતો. તેણે ડબ્બાના ટિકિટ ચેકરને શોધીને પૂછ્યું, પણ કશો પાક્કો જવાબ મળ્યો નહીં. તે બેગ અને સેન્ડલ લઈને બહાર નીકળ્યો.

મુંબઈ જેવા મહાનગરમાં શેફાલીનું ગુમનામ થવું આરવને અંદરથી ગભરાવી મુકતું હતું. આરવે બેંગલોર તેના માતપિતાને ફોન કર્યો, અને શેફાલીના ગુમનામ વિશે તથા તેની બેગ વિશે જણાવ્યુ. નયનભાઈને છાતી પર ફટકો પડ્યો, “શું? પણ એવું કેવી રીતે બને? અમે પોતે રેલવે સ્ટેશન પર એને મૂકવા ગયા હતા..! અને ટ્રેન ઉપડી ત્યારે તેને વિદાય પણ આપી હતી. અમારી સામે ટ્રેન રવાના થઈ હતી.”

આ સાંભળીને આરવની બેચેની અને ભયની લાગણીઓ વધી ગઈ. તે રેલવે સ્ટેશનના દરેક બાંકડા અને લેડીસ બાથરૂમ પણ ત્યાંની સ્ત્રીની મદદ લઈ તપાસી જોયું, પણ ક્યાંય શેફાલીનો પત્તો નહતો મળતો. રાતના બે વાગી ગયા હતા. આખરે તે થાકી હારીને એ રાત્રે જ પોલીસ સ્ટેશનમાં પોતાની પત્નીની ખોવાયાની ફરિયાદ નોંધાવી. તેણે શેફાલી વિશેની બધી જ વિગતો લખાવી કે તે ક્યારે બેંગલોર સ્ટેશનથી ટ્રેનમાં બેસી, ટ્રેનનો ડબ્બા નંબર, બર્થ નંબર અને બધુ જ…

*

એક નાનકડા ઓરડામાં શેફાલી આખી રાત ભૂખી-તરસી પડી રહી. તેનું મોં પાણી વિના સુકાવા લાગ્યુ હતું. ખોરાક વિના તેના શરીરમાં અશક્તિ આવી ગઈ હતી. તેની સાથે જે બની રહ્યું હતું એને તે દુસ્વપ્ન હોય એવું તે તીવ્રપણે ઈચ્છતી હતી. તેને એ સાંકડો ઓરડો, અશ્લીલ ચિત્રો ભરેલી દીવાલો, ત્યાંની હવાની વાસ, મેકઅપ અને લાલચોળ લિપસ્ટિક ઘસેલા હોઠ વાળી સ્ત્રીઓ અને તેમના ભપકેદાર કપડાં જોઈને થતું કે પોતે અહીં આ બદનામ જગ્યાએ ના હોવી જોઈએ. તે એના મનને કહેતી: ‘મારે અહીંથી કોઈ પણ રીતે ઈજ્જત સાચવીને ભાગી છૂટવું પડશે. અહીં થતાં કાળા કામનો કલંકિત દાગો મારા આખા જીવનને ખરડી નાંખશે. મોકો શોધીને મારે અહીંથી ભાગી જવું છે…’

તેનું મન તેને વળતાં સવાલ કરતું: ‘પણ ભાગીશ કેવી રીતે? કોણ તારી મદદ કરશે? તું અહીં ફસાઈ છે એની આરવને સ્વપ્નેય ખબર નહીં હોય! આવી જગ્યાએ તારી મદદ કરવા સામેથી કોઈ દરવાજો નહીં ખટખટાવે!’

‘આવશે! કોઈક તો આવશે જ!’ તેણે તેના મનને વારવાનો પ્રયત્ન કર્યો.

તેના બે દિવસ આ જ રીતે ભૂખ્યા-પ્યાસા રહીને વિત્યા. બીજા દિવસે બપોરે સરલા જમવાની થાળી લઈને દરવાજો ખોલ્યો. શેફાલીને જમીન પર બેહોશ પડેલી જોઈને તે ગભરાઈ ગઈ! તેણે ત્યાં જ થાળી મૂકીને માલકીનને બૂમ પાડી. લીલાવતી અને ત્યાંની છોકરીઓ દોડતી ત્યાં આવી ગઈ. લીલાવતીએ એક છોકરીને પાણીનો ગ્લાસ લેવા મોકલી. ત્યારબાદ શેફાલીના ચહેરા પર પાણી છાંટ્યું. તેણે ધીરેથી આંખો ખોલી. તેના ચહેરા પર અને શરીરમાં અશક્તિ વર્તાતી હતી. એક છોકરીએ તેને બેઠી કરીને પાણી પીવડાવ્યું. તરસથી સુકાઈ ગયેલું ગળું ભીનું થતાં જ તેને થોડીક રાહત થઈ. લીલાવતીએ ઊભી થઈને ત્યાં ઊભેલી ચારેક છોકરીને મરાઠી ભાષામાં કંઈક કહ્યું ત્યારબાદ તે અને સરલા બહાર જતાં રહ્યા.

શેફાલી પાસે ઊભેલી ચાર યુવાન છોકરીઓ દેખાવે શ્યામ હતી. તેમણે પહેરેલા ડ્રેસ, બ્લાઉઝ અને ઘાઘરા ભપકેદાર હતા. તેઓ શેફાલી પાસે બેસીને પોતાની આ કામમાં આવવાની અને કરવાની વ્યથાકથા વર્ણવી. કોઈ કાચી વયે ગર્ભવતી બની હતી એટલે ઘરવાળાઓએ તેને તરછોડી મૂકી, તો કોઈનો પતિ લગ્નનું બહાનું બનાવી વેચી મારી હતી, તો કેટલીક પોતાના બાળકને ભણાવવા આ કામ કરતી. દરેકની કહાની સાંભળીને શેફાલીનું હૈયું લાગણીઓ અને સંવેદનાથી ઉભરાઈ આવ્યું. પોતે પણ ટૂંક સમયમાં આમાની એક બની જશે એ વિચારે તેને રડાવી મૂકી. તે કોઈ પણ હાલતમાં આ કામ કરવા ઈચ્છતી નહતી અને તૈયાર પણ નહતી, પરંતુ તે એવી પરિસ્થિતિના પાંજરામાં પુરાઈ ગઈ હતી કે એમાંથી છૂટવું ધીરે ધીરે અશક્ય લાગવા લાગ્યું હતું. તેને રડતી જોઈને એક છોકરીએ શેફાલીના આંસુ લૂછીને તેને ભેટી પડી અને કહ્યું, “દીદી, આપને દો દિનો સે કુછ ભી નહીં ખાયા... પ્લીઝ, આપ ખા લો ના...”

ત્યારબાદ એ છોકરીએ થાળી પોતાના હાથમાં લઈને એક કોળિયો શેફાલીના મોં આગળ લાવીને મૂક્યો. શેફાલીએ કમને એ કોળિયો મોંમાં મૂકી માંડ માંડ ગળા નીચે ધકેલ્યો. એ છોકરી તેને પ્યારથી એકએક કોળિયો ભરતી અને શેફાલીને જમાડતી. જમ્યા બાદ એ છોકરીઓએ પોતાની ભાગી છૂટવાની અસફળ કહાનીઓ પણ કહી અને ત્યારબાદ માલકીને તેમને કેવી કપરી સજા ફટકારી હતી એ પણ કહ્યું. તેમણે શેફાલીને સમજાવ્યું કે હવે અહીંથી નીકળવું તેની માટે અશક્ય છે. જે કહેવામાં આવે એને ખુશીથી કરી લેવું. જો ગ્રાહકને ખુશ નહીં થાય તો

માલકીન મારશે, પીટશે, ભૂખી-પ્યાસી રાખશે. –

આ બધુ સાંભળ્યા બાદ પણ શેફાલી તેની જિદ્દ પર અડી રહી હતી. અને તેણે રડતાં સ્વરે કહ્યું, "હું મરી જવાનું પસંદ કરીશ, પણ આ કામ તો ક્યારેય નહીં કરું!"

શેફાલી ત્રણ દિવસ સુધી એ ઓરડામાં પુરાઈ રહી. રાત્રે બાજુના ઓરડામાંથી આવતા અશ્લીલ અવાજો, અપશબ્દો, ઊંહકારાઓ અને દર્દથી કણસતી સ્ત્રીઓની ચીસો સાંભળીને શેફાલી તેના કાન પર જોરથી હથેળી દબાવી દેતી. તેને લાગતું કે પોતે મન-મગજ પરથી કાબૂ ગુમાવી બેસશે. ગાંડી થઈ જશે.

તે ક્યારેક દિવસમાં એક જ વાર જમતી તો ક્યારેક ભૂખી-પ્યાસી રહેતી. લીલાવતી પણ જાણતી હતી કે આવી નવી છોકરીઓને આ ધંધામાં ગોઠવવા કેવી રીતે હેન્ડલ કરવી. એટ્લે તેણે ચોથા દિવસથી શેફાલીને શારીરિક અને માનસિક ટોર્ચર કરવાનું શરૂ કર્યું. રાત્રે તેને ઓરડામાંથી બહાર કાઢીને સંડાસ સાફ કરાવવાનું કહી અત્યંત ખરાબ વાસ મારતા સંડાસમાં આખી રાત પૂરી રાખવામાં આવતી – ક્યારેક તો નિવસ્ત્ર કરીને..! અંદર રહીને તેનાથી ઊલટીઓ થઈ જતી. લીલાવતી તેને ભૂખી-પ્યાસી રાખતી અને કાનમાંથી કીડા ખરી પડે એવી ગંદી ગંદી ગાળો આપતી. તે શેફાલીની સામે કિન્નરોને નગ્ન કરી ગવડાવતા અને નચાવતા. શેફાલીને થતું કે પોતે હવે આ આવું માનસિક અને શારીરિક ટોર્ચર બિલકુલ સહન નહીં કરી શકે! અહીં રહીને પોતે ચોક્કસ ગાંડી થઈ જશે. તેના મગજની નસો ફાટી જશે. નિષ્ઠુર લીલાવતીએ દરેક યાતનાઓ આપી આપીને શેફાલી આ કામ માટે તૈયાર થઈ જાય એવા પ્રયત્નો કરતી. આવું જ ટોર્ચર શેફાલી સાથે એક અઠવાડિયા સુધી ચાલતું રહ્યું. તે માનસિક રીતે પૂરેપુરી તૂટી ચૂકી હતી. અહીંથી મુક્ત થવા તેને આશાનું કોઈ કિરણ દેખાતું નહતું. તે પોતાના જીવનને સર્વનાશના અંધકારમાં ઓગળતું જતું જોઈ રહી હતી.

* * *

પ્રકરણ – 7



મુંબઇ પોલીસ શેફાલીને શોધવાનું કામ છેલ્લા પંદર દિવસથી કરી રહી હતી. શેફાલીનો ફોટો રેલવે પોલીસને આપી દીધો હતો. તેઓ પણ રેલવેમાં એમની તપાસ કરી રહ્યા હતા.

શેફાલી ગુમનામ થઈ એના બીજા જ દિવસે બેંગલોરથી આરવના માતાપિતા પણ અદ્ધર જીવે મુંબઇ આવી પહોંચ્યા હતા. મુંબઈમાં દરેક જગ્યાએ તેઓ શેફાલીને શોધવાનો પ્રયાસ કર્યો, પણ શેફાલી વિશે કોઈ ખબર કે સુરાગ મળતો નહતો.

આમને આમ દિવસો વિતતા જતાં હતા અને આરવ તથા તેના માતપિતાની બેચેની અને ડરનો પારો ઉપર ચડતો જતો હતો.

શેફાલી વિના આરવની જિંદગી આત્મા વિનાના ખોળિયાં જેવી બની ગઈ હતી. તેની આંખોમાંથી ઊંઘ ઊડી ગઈ હતી. બંધ આંખે પણ તેને માત્ર શેફાલીનો ચહેરો જ દેખાતો હતો. તેની સાથેની મીઠી યાદો અને એની સાથે ગૂંથાયેલી લાગણીઓ આરવની આંખોમાંથી આંસુ બની ટપકી રહી હતી. મોબાઈલમાં શેફાલીના હસતાં અને મુસ્કુરાતા ફોટોઝ જોઈને તેનું હૈયું તેને બાહોમાં લઈને પોતાની અંદર સમાવી લેવા બંડ પોકારી ઊઠતું. આખી રાત તે પડખા ઘસતો રહ્યો.

શેફાલી ક્યાં હશે? કેવી સ્થિતિમાં હશે? મને યાદ કરતી હશે? મારી મદદ માટે રાહ જોતી હશે? આવા અનેક પ્રશ્નો તેના મનમાં વંટોળ બનીને ચકરાયે જતાં હતા. દિવસ-રાત આરવની નજર સતત મોબાઈલ પર રહેતી એ આશાએ કે કદાચ શેફાલીનો ફોનકોલ આવી જાય. આખો દિવસ દોડાદોડ કરીને તેનું શરીર થાકી જતું, અને શેફાલી વિશેના વિચારો કરી કરીને તે રડી પડતો, અને મોડી રાત્રે ઊંઘમાં સરી પડતો.

*

આ રીતે લગભગ બે અઠવાડિયા વીતી ગયા. પંદરમાં દિવસની રાત્રે શેફાલીના ઓરડામાં ત્રિસેક વર્ષની ચંદ્રા આવી. તેનું ભરાવદાર બદન અને કમનીય વળાંકો તેના ડ્રેસમાંથી સ્પષ્ટ દેખાતા હતા. તેણે આછું સ્મિત કરીને કહ્યું, “એય શેફાલી, કૈસી હૈ રે તું..?”

શેફાલી મૌન રહી.

ચંદ્રા અંદર આવી. તે બિસ્તર પર બેસીને દીવાલનો ટેકો લેતા બોલી, “આજસે મેં પૂરે હફ્તે તક છૂટી પર હુ..!”

શેફાલી કશું જ બોલી નહીં. માત્ર તેની તરફ જોઈ રહી...

ચંદ્રાએ બંને હાથ માથા પાછળ મૂકીને બોલી, “મુઝે લગા કી તું ચાર-પાંચ દિનમે તૂટ જાયેગી, પર તું તો બડી જિદ્દી નીકલી..! હાં?”

“મેં યે કામ નહીં કરુંગી..! એક દિન મેં જરૂર ભાગ નિકલુંગી...” શેફાલીએ કહ્યું.

“પર તબ તક તો તું હમારે જૈસી બઝારું ઔરત બન ચૂકી હોગી રે...” ચંદ્રાએ હસીને તેની હિંમત તોડવા કહ્યું.

શેફાલી મૌન રહી તેને જોતી રહી...

“પતા હૈ, મેં જબ ચાહું તબ ભાગ શકતી હું... પર ભાગ કે જાઉં કહા?” ચંદ્રાએ છત તરફ તાકીને અફસોસ જતાવ્યો.

“ઘર... હમ દોનો સાથ મેં ભાગતે હૈ ના...” શેફાલી તરત તેની તરફ ફરીને ધીમા સ્વરે બોલી ઉઠી.

ચંદ્રા માથું ઊંચું કરીને હસી પડી, “હમ જૈસી કો ઘરવાલે નહીં અપનાતે..!”

“પર મેરા પતિ ઐસા નહીં હૈ! વોહ મુઝે બહોત પ્યાર કરતે હૈ...”

“મેરે તો મા, બાપ, ભાઈ, બહેન, મામા, ચાચા, ચાચી, દાદા, નાની સબ કે લિયે મેં ગંદી ગાલી બન ગઈ હૂં..! હિંમત ઝૂટાકે એક બાર મેં ભાગ કે ઘર પહોંચ ગઈ થી... જો મેરે સાથ હુઆ સબ મેરી મા કો રોતે

રોતે બોલ દિયા...”

“ફીર...?”

“ફીર ક્યા..? મેરી માને મેરે બાપ કો સબ બોલા, ફીર ઘરમે સબ કો પતા ચલ ગયા... ઉસકે બાદ કોઈ ભી મેરે સાથ બાત ભી નહીં કરતે થે... ઉન લોગો કે લિયે મેં તબ બદલ ગઈ થી... દૂસરે દિન મેરે બાપને ખુદ ઈસ નરકમે મુઝે લાકે બેચ દિયા..! ઉનકા નામ મેરે વાઝહ સે ગંદા ના હો ઈસલીયે... ઉસ દિન મેં પૂરી રાત રોતી રહી... તબ મેં સમજ ગઈ કી ઉનકે દિલમે વોહ લૉગ ઉસી દિન મેરા ક્રિયાકરમ કર ચૂકે થે..! સાલી દુનિયા કિતની જાલિમ ઔર ખુદગર્ઝ હૈ! અબ તું ભી ઈસ નરકલોક કે મજે લેના શરૂ કર દે..! તેરે હસબન્ડ કો જબ પતા ચલેગા કી તું ઈસ નરકલોક મેં ઈતને દિનો સે ફસી હુઈ હૈ, તબ વોહ તુજે આપનાને મેં સો બાર સોચેગા..! લંકા સે વાપીસ આકે સિતામૈયા કો ભી અગ્નિ પરીક્ષા દેની પડી થી...”

“હાં, પર મેરા હસબન્ડ ઐસા નહીં હૈ! વોહ મુઝે બહોત પ્યાર કરતાં હૈ!”

“સબ મરદ લૉગ એક જૈસે હી હોતે હૈ. ઉનકે લિયે પ્યાર-વ્યાર સબ બહાને..! મરદ લૉગ કો સીર્ફ જિસ્મ સે વાસ્તા હોતા હૈ. સાલી ઔરત પ્યાર પાને કે લિયે અપના જિસ્મ દેતી હૈ, ઔર મરદ જિસ્મ પાને કે લિયે પ્યાર દેતા હૈ. ઉનકા પ્યાર તુઝે દેખના હૈ..? યે દેખ..!” ચંદ્રાએ તેની છાતી પરથી ઓઢણી દૂર કરી અને બ્લાઉઝની આગળના હૂક ખોલવા લાગી. શેફાલીએ તરત નજર ફેરવીને આડું જોઈ ગઈ.

ચંદ્રાએ આર્દ્ર નેત્રે તેનું જમણું સ્તન નગ્ન કરીને કહ્યું, “યે દેખ ઉનકા પ્યાર..!”

શેફાલીએ ધીરેથી તેની કીકીઓ એ તરફ કરી અને જે જોયું એ દેખીને “ઉસ્સ..!! હે ભગવાન..!!” દર્દભર્યા સિસકારા સાથે તેની આંખો મીંચાઈ ગઈ! તેના સ્તન પર રાતુંચોળ અને જાંબુડિયું મોટું ચકામું પડી ગયું હતું.

“તો બતા મેરી પ્યારી બહેનાં..! અબ હમ કહા જાયેંગે?” સ્તન ઢાંકીને તેણે બ્લાઉઝના હૂક વાખ્યા.

શેફાલી કશું બોલી શકી નહીં.

“અબ તક જીતને ભી મરદ કે સાથ મેં સોઈ હું વો સભી એક જૈસે હી મિલે હૈ..! જિસ્મ કે ભૂખે..! જિસ્મ કે અંદર ઉતરના મરદ લૉગ કી ફિતરત નહીં હૈ..! અગર કોઈ ચમત્કાર હો ઔર તેરા મરદ યહાં આકે તુજે છુડાકે વાપસ લે જાયે, ઔર પૂરે પ્યાર સે તુજે ચૂમ કે અપનાલે તો સમજ જાના કી તેરા મરદ લાખો મેં એક હૈ..!” તેણે હસીને બીડી સળગાવતા કહ્યું, “અગર કોઈ ચમત્કાર હો તો... સમજી?”

શેફાલી શૂન્યભાવે તેની સમક્ષ જોઈ રહી. ચંદ્રાની વાતો સાંભળીને તે અંદરથી તૂટવા લાગી હતી. આરવના પ્રેમપ્રકાશ પર શંકાના કાળા વાદળો ઘેરાવા લાગ્યા.

“કિસ સોચ મેં ખો ગઈ?” ચંદ્રાએ બંને હોઠ વચ્ચેથી ધુમાડાનું વાદળું ઓક્યું.

“કુછ નહીં...”

ચંદ્રા હસી પડી. તેણે બીડી શેફાલી તરફ ધરીને કહ્યું, “ફૂન્કેગી..?”

“નહીં”

“અરે સુકુન મિલેગાં પગલી..! દિમાગ એકદમ હલકા હો જાતાં હૈ! એક ફૂંક માર કે તો દેખ..!”

“મેં નહીં પીતી...”

ચંદ્રા હસી પડી અને બીડી ફૂંકવા લાગી. જે પુરુષે તેના સ્તનો પર ડૂચા ભરીને એ ચકામાં આપ્યા હતા એનો ચહેરો યાદ કરીને તેણે કહ્યું, “સાલા, કહેતા હૈ કી ચંદ્રા મેં તુજે બહોત પ્યાર કરતાં હું! તુજે સરાખો પર બિઠાના ચાહતા હું...”

“ક્યાં સચ મેં પ્યાર કરતાં હૈ?” શેફાલીએ પૂછી લીધું.

ચંદ્રા મોઢું ઉપર કરીને હસી પડી, “પ્યાર કા સીર્ફ દિખાવા કરતાં હૈ, #@% સાલા..! કાન્ડમ કે બીના મેં કીસીકો ડાલને નહીં દેતી... ઈસીલીયે વોહ મુઝે પ્યારી પ્યારી બાતોમે ફૂસલાતા હૈ, ફીર મુઝે બોલતા હૈ કી આજ કાન્ડમ નહીં પહેનુંગા..! બદન સે બદન મિલના ચાહીએ

ચંદ્રા..! તબહી અસલી મઝા આતા હૈ! સાલા, #@%#..!"

"ઐસે તો HIV હો શકતા—" શેફાલી આગળ બોલે એ પહેલા અચાનક ઓરડાનો દરવાજો ખૂલ્યો.

"ચંદ્રા, માલકીન બુલા રહી હૈ..." એ છોકરી મેકઅપ અને લિપસ્ટિક લગાડી રાત વિતાવવા તૈયાર થઈ ગઈ હતી. ચંદ્રા ઊભી થઈને બહાર નીકળી ગઈ. એ છોકરીએ શેફાલી સામે કુટિલ સ્મિત કરીને કશોક સંકેત આપતી હોય એમ માથું નકારમાં હલાવી દરવાજો વાખી દીધો. શેફાલીને એ સંકેતમાં કોઈ અઘટિત બીના પોતાની સાથે બનવાનો અણસાર દેખાઈ રહ્યો હતો. તેને અચાનક ભય લાગવા લાગ્યો.

* * *

પ્રકરણ – 8



કોઠીની માલકીન લીલાવતી રાતે બાર વાગ્યે શેફાલીના ઓરડામાં આવી. અને તેણે ફિક્કા સ્વરે એવું કંઈક કહ્યું જેને સાંભળીને શેફાલીના માથેથી આકાશ અને પગ તળેથી જમીન ખસી ગઈ! તેને લાગ્યું કે હવે પોતાની ઈજ્જત લૂંટાઈ જશે. જીવન પર કાળો દાગો પડી જશે. લીલાવતી ફિક્કા સ્વરે તેનું બ્રહ્માસ્ત્ર છોડ્યું,

"સુન..! તેરે નખરે મૈંને બહોત સેહ લિયે. અબ તેરે પાસ કોઈ ચોઈસ નહીં હૈ... મેં ચાહતી તો તેરે સાથ રેપ કરવા કે મના લેતી. પર મૈંને ઐસા નહીં કિયા. તેરી ખૂબસૂરતી ઔર ગોરે બદન કે મૈંને અસ્સી હજાર દિયે હૈ. સભી લડકિયો મેંસે તુજે સબસે મહેંગેમેં ખરીદા હૈ. મેં ચાહતિ હૂં તું ઈસ ધંધે કો સારી લડકિયો કી તરહ આપની મરજી સે અપના લે. આજ રાત હમારા એક ખાસ મહેમાન ઈસ કમરે મેં આયેગા. બડે પૈસેવાલા હૈ. ઉસે ખુશ કરેગી તો વોહ તુજે રાની બના કે રખ્ખેગા..! પૈસોમેં નહલાયેગા તુજે!" હવે તેણે શેફાલીને ભીની આંખોમાં જોઈને ધમકી આપતા કહ્યું, "...અગર તું ને કોઈ ગડબડ કી તો તેરા રેપ કરવા કે અસ્સી હજાર વસૂલ કરૂંગી યે બાત દિમાગમે ઘૂસેડ દે!"

એ રાત્રે લીલાવતી એ ઓરડામાંથી બહાર નીકળી, અને બહાર ઊભેલી કેટલીક યુવાન છોકરીઓને કહીને શેફાલીને ઉત્તેજક ડ્રેસ પહેરાવી તૈયાર કરવાનું કહ્યું. શેફાલી પંદર દિવસથી શારીરિક અને માનસિક યાતનાઓ ભોગવીને માનસિક રીતે તૂટીને ગઈ હતી.

આખરે શેફાલી કમને ભપકેદાર સિલ્ક મરૂન ડ્રેસમાં તૈયાર થઈ ગઈ. તેના ગોરા ચહેરા પર મેકઅપ ઘસ્યો, હોઠ પર ગુલાબી લિપસ્ટિક લગાડી, પાંપણો પર આઈલાઈનર કરી, અને બગલમાં તથા ગળા પર

પરફ્યુમ છાંટ્યું. છોકરીઓએ શેફાલીને અરીસા સામે ઊભી રાખી. શેફાલીએ પંદર દિવસે અરીસામાં પોતાનો દેખાવ જોયો. તેને સ્પષ્ટ લાગ્યું કે પોતાનો ચહેરો સુકાઈ ગયો હતો, અને તે બાજુમાં ઊભેલી છોકરીઓ જેવી જ લાગતી હતી. એક રાત પુરુષને ઐયાસી કરાવવા પોતાનું શરીર વેચતી વેશ્યા જેવી લાગણીઓ તે અનુભવવા લાગી.

તે પોતાના ઓરડામાં ગઈ અને દરવાજો આડો કરી બિસ્તરમાં ગ્રાહકની રાહ જોતી બેસી. તેની બાજુમાં પડેલા અશ્લીલ મેગેઝીન્સ તેણે તરત જ બિસ્તરની નીચે સરકાવી દીધા. તેના મનમાં આરવના વિચારો ફરવા લાગ્યા. 'તે મારી વિશે ચિંતા કરતાં હશે? તે મને શોધવા આખું મુંબઇ ખૂંદી વળશે? હું અહીં આવી બદનામ જગ્યાએ ફસાઈ છું એની જાણ તેને થશો તો શું એ મને સ્વીકારી શકશે? મને ઈજ્જત સાથે અહીંથી છોડાવી ઘરે લઈ જશે? હે ઈશ્વર! મારી ઈજ્જત પર દાગ ન પડે એવું કંઈક કર! તારી દીકરી છું હું! સાચવી લે મને!' – અચાનક દરવાજો ખૂલ્યો અને શેફાલીની પ્રાર્થનાની હારમાળા તૂટી ગઈ.

તેની આંખો આંસુથી છલછલાઈ આવી. પચાસેક વર્ષનો પુરુષ કુટિલ સ્મિત સાથે અંદર પ્રવેશ્યો અને દરવાજાની સ્ટોપર વાખી દીધી. યુવાન અને ખૂબસૂરત સ્ત્રીને બિસ્તરમાં બેઠેલી જોઈને તેણે ઉત્તેજિત શ્વાસ ફેફસામાં ખેંચ્યો અને શર્ટના બટન ખોલવા લાગ્યો. શેફાલી મૂર્તિની જેમ જડ બની, માથું નીચું કરી, આંસુ ટપકતી આંખે બેઠી હતી. પેલો પુરુષ તેની બાજુ અડીને બેઠો. તેણે શેફાલીની પીઠ પર હવસભર્યો હાથ પસવારી વાસનાયુક્ત મલકાયો.

શેફાલીને લાગ્યું કે હવે તેની જિંદગી ખતમ થઈ જશે. તેના જીવન પર કાળો કલંકિત ધબ્બો પડી જશે, તેના કપાળ પર વેશ્યાની તકતી કોતરાઈ જશે, તેની ઈજ્જત-આબરૂ લૂંટાઈ જશે. કારણ કે હવે તેની પાસે બચવાનો કોઈ રસ્તો નહતો બચ્યો. તેને થયું કે જમીન જગ્યા આપે તો હાલ અંદર સમાઈ જાઉં, પરંતુ એ શક્ય નહતું.

એ પુરુષે તેનો વાસનાભર્યો હાથ ધીરેથી શેફાલીની જમણી જાંઘ પર ફેરવ્યો. દઝાડતા એ સ્પર્શથી શેફાલીની અંદર કશુંક ગૂંગળાઈને મરી રહ્યું હતું. દઝાડતો એ સ્પર્શ આગળ વધતાં જ શેફાલીના ગળામાં દબાઈ રાખેલું ડૂસકું અચાનક છૂટી પડ્યું. તે તરત જ ઊઠીને એ પુરુષના પગે પડીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. તેણે રડતાં રડતાં એ પુરુષને આજીજીઓ કરી,

પગ પર માથું મૂકી દયાની ભીખ માંગી, હાથ જોડ્યા, પોતાના પતિ વિશે જણાવ્યુ, અને પોતે અહીં કેવી રીતે પહોંચી અને આ કામમાં ફસાઈ ગઈ એ વિશેની આખી વ્યથાકથા રડતાં સ્વરે જણાવી દીધી.

એ પુરુષે પોતાના પગ પાસે શેફાલીને અચાનક રડી પડતી અને તૂટી ગયેલી જોઈને બે ઘડી વિચારમાં મુકાઇ ગયો. તેના ચહેરા પર લીંપાયેલા વાસનાયુક્ત મુખભાવ ખરી પડ્યા. એ દિવસે શેફાલીની કિસ્મત સારી હતી. હવસ ભોગવવા આવેલા એ ગ્રાહકમાં શેફાલીની વ્યથાકથા સાંભળીને તેની પરત્વે હમદર્દી જન્મી. તે ઊભો થઈને જરાક બાજુમાં ખસ્યો, અને ધીમા સ્વરે કહ્યું, “ઠીક હૈ! ઠીક હૈ! મેરે પૈર મત પડો! આપકે સાથ મૈં કુછ ગલત નહીં કરુંગા... આપ—આપ રોઓ મત..!”

શેફાલી આંખો લૂછીને ઊભી થઈ ગઈ. તેણે પોતાની બંને હથેળીમાં રડતું મોં છુપાવી રડમસ સ્વરે કહ્યું, “મુજે યહાં સે નિકલના હૈ. પ્લીઝ, આ—આપ મેરી મદદ કર દો..!”

“પર કૈસે મદદ કરું?” તેણે શર્ટના બટન વાખતા પૂછ્યું.

“આપ યહાં કી લોકલ પુલિસ કો કોલ કરો. વો મદદ કરેગી..!” શેફાલીએ ગભરાયેલા સ્વરે કહ્યું.

એ ગ્રાહક ખૂંધુ હસી પડ્યો, “યે રેડ લાઈટ એરિયા હૈ! યહાં લોકલ પુલિસ ભી મુંહ મારને આતી હૈ. વોહ લૉગ આપ કી કોઈ મદદ નહીં કરેગેં...”

શેફાલીએ મક્કમ મન કરીને કહ્યું, “પ્લીઝ, મુજે આપકે મોબાઈલ સે બસ એક કોલ કરના હૈ...”

“કિસકો કોલ કરના હૈ?”

“મેરે પતિ કો... અબ વોહી મેરી મદદ કરેગેં..!”

એ ગ્રાહકે તેનો મોબાઈલ ખિસ્સામાંથી કાઢીને આપી દીધો. શેફાલીએ તરત જ મોબાઈલમાં આરવનો નંબર લગાવ્યો.

ચિંતામાં શેકાતું આરવનું હૃદય તેના મોબાઈલની રિંગ વાગતા જ ઉછળી પડ્યું. અનનોન નંબર જોઈને આરવે બીજી જ રીંગે કોલ ઉપાડ્યો,

"હેલ્લો..."

પંદર દિવસ બાદ પોતાના પતિનો ચિંતાતુર સ્વર સાંભળીને શેફાલીના આંસુનો પ્રવાહ કેટલીયે લાગણીઓ સાથે છલકાઈ આવ્યો. તેનું રડતું હૈયું તત્ક્ષણ આરવના ગાઢ આલિંગનની હુંફમાં જીવનભર સંતાઈ જવા આતુર બની ઉઠ્યું. તેનો સ્પર્શ પોતાના શરીર પર પામવા તે મરી રહી હતી. તેને પૂરી તીવ્રતાથી થતું કે આરવ તમે અત્યારે હાલ જ અહીં આવી મને આ નર્કલોકમાંથી છોડાવી લઈ જાવ. તમારા વગર હું નહીં જીવી શકું. હું અહીં તડપતી તડપતી મરી જઈશ.

શેફાલીએ રડમસ સ્વરે તેના લાળ બાઝેલા હોઠ ખોલ્યા, "આરવ..."

બીજા છેડે પોતાની પત્નીનો અવાજ સાંભળીને આરવનો તળિયે ચોંટેલો જીવ જરાક હેઠો બેસ્યો. બંને પતિ-પત્ની એકબીજાનો અવાજ સાંભળીને થોડીક ક્ષણો તો હૈયું ખોલીને રડી પડ્યા.

ત્યારબાદ શેફાલીએ તેની કહાની ટૂંકમાં વર્ણવી. આરવે તેને એ જગ્યાનું સરનામું પૂછ્યું. શેફાલી એ જાણતી હતી કે પોતે એક રેડ લાઈટ એરિયામાં છે, પણ તે રેડ લાઈટના કયા એરિયામાં છે એ વિશે કશું જ જણાતી નહતી. કયા એરિયામાં કયો કોઠો? કયા નંબરનો કોઠો? એ વિશેની માહિતીથી તે બિલકુલ બેખબર હતી. એ ગ્રાહકે તેની મદદ કરી. એણે શેફાલીને એ જગ્યાનું આખું સરનામું, એરિયા, અને કોઠા નંબરની માહિતી પણ જણાવી દીધી. શેફાલીએ એ બધી જ માહિતી આરવને જણાવી દીધી. આરવે એ માહિતી એક કાગળમાં નોટ કરી લીધી.

આરવે તેને હિંમત અને વિશ્વાસ આપવા કહ્યું, "શેફું, તું જરાયે ગભરાતી નહીં. હું તને કશું જ નહીં થવા દઉં! હું તને શક્ય બને એટલું તરત ત્યાંથી છોડાવીને ઘરે લઈ આવીશ..."

"કેવી રીતે?" શેફાલીએ ડૂમો બાઝેલા સ્વરે પૂછ્યું.

આરવના દિમાગમાં અજીબ પ્રકારની કશ્મકશ ચાલી રહી હતી કે 'હવે શેફાલીને છોડાવવા કરવું શું? જો તે પોલીસને બતાવે અને ભૂલથી કોઠા સુધી આ વાત પહોંચી ગઈ, તો એ લોકો શેફાલીને નુકસાન પહોંચાડી શકે છે, અને જો પોલીસ ત્યાં પહોંચવામાં થોડુક પણ મોડુ કરે

તો એ લોકો શેફાલીને ત્યાંથી કોઈ બીજી જગ્યાએ લઈ જાય તો પછી ત્યાં પહોંચવું મુશ્કેલ થઈ જાય! એટલે જો પોતે પોલીસને બતાવશે તો મામલો ઘણો જોખમી બની શકે છે, શેફાલીના જીવને ખતરો પણ થઈ શકે છે. અને પોતે પોલીસને ન બતાવે તો શેફાલી કોઈ બીજા ગ્રાહકના હાથમાં પિંખાઈ શકે છે.' – આ મૂંઝવણોમાં આરવને કશું જ સમજાતું નહતું કે પોતે શું કરે? કેવી રીતે શેફાલીને સહીસલામત પાછી લાવે?

આ મૂંઝવણ વચ્ચે અચાનક તેના મગજમાં એક પ્લાન આવ્યો. એણે એ પ્લાન શેફાલીને જણાવી દીધો. પ્લાન સાંભળીને શેફાલી પહેલા તો ગભરાઈ ગઈ! પરંતુ આરવે તેને વિશ્વાસ અને હિંમત આપી. અને ત્યારબાદ તેણે ફોન કટ કર્યો.

* * *

પ્રકરણ – 9



એ રાત્રે આરવ તેના માતપિતાને આખી ઘટનાનો ચિતાર સમજાવીને પોતાનો પ્લાન કહ્યો અને એમને વિશ્વાસ અપાવ્યો કે પોતે શેફાલીને પૂરી ઈજ્જત સાથે પાછી ઘરે લઈ આવશે. આરવનો પ્લાન સાંભળીને તેમના ધબકારા તેજ થઈ ગયા. તેમણે પોલીસની મદદ લેવા કહ્યું, પણ આરવ શેફાલીને કોઈ નુકસાન થાય એવું જોખમ લેવા ઈચ્છતો નહતો.

શેફાલીની ચિંતામાં તેણે અઠવાડિયાથી દાઢી પણ નહતી કરી, એટલે તેણે કાળી ભમ્મર દાઢીનો લાભ ઉઠાવી લેવા નવો ગેટઅપ ધારણ કર્યો. તેણે પરફ્યુમ છાંટીને ચેક્ષવાળું વાદળી ટી-શર્ટ અને કાળું પેન્ટ પહેરી લીધું. એ રાત્રે જ આરવ ગાડી લઈને સરનામું આપેલા સ્થળે એકલો નીકળી પડ્યો. ગાડી ડ્રાઈવ કરતી વખતે તેણે રસ્તામાં એક બનારસી પાન મોંમાં ભરીને વ્યસની જેવા દાંત કરી દીધા અને સિગારેટનું એક પેકેટ પણ સાથે લઈ લીધું હતું. કમાલની વાત એ હતી કે એક પતિ તેની પત્નીને બચાવવા એ કોઠા પર એક 'ગ્રાહક' બનીને પહોંચી ગયો હતો.

ત્યાં પહોંચતા જ આરવે પેલા અનનોન નંબર પર કોલ કરીને એને જણાવી દીધું કે પોતે કહેલાં કોઠા નંબર પાસે પહોંચી ચૂક્યો છે, અને ત્યારબાદ તેણે પોતાના પ્લાન વિશે જણાવ્યુ.

આરવ પોતાને છોડાવવા ગ્રાહક બનીને આવી પહોંચ્યો એ જાણીને શેફાલીનું હૈયું પ્રેમથી છલકાઈ રહ્યું હતું. આરવ પ્રત્યેનો પ્રેમ તેના હૈયામાં દરેક પળે ગુણાતો જતો હતો. પ્રેમની લાગણી સાથે તે અઘટિત બીના બની જવાનો ભય પણ તેને ભીતરમાં ધ્રુજાવી રહ્યો હતો.

આરવે ત્યાં પહોંચીને ગાડીમાં પડેલા રેબનના ગ્લાસ આંખે

ચડાવ્યા, ગળામાં પહેરેલી સોનાની ચેન બહાર કાઢીને શર્ટના કોલરે ચડાવી અને સિગારેટ સળગાવીને મોંમાંથી ધુમાડાના ગોટે ગોટા હવામાં ઓકતો બહાર નીકળ્યો. ત્યાં કોઠાની પાસે પહોંચતા જ તેણે રેબનના ચશ્માં માથે ચડાવી દીધા અને આંખો પર વાસનાયુક્ત નજરના ચશ્માં ચડાવ્યા. તે અંદર અને બહારથી પૂરેપૂરો અભિનયમાં ઘૂસી ગયો હતો. નવા ગેટઅપમાં આરવને જોઈને કોઈ પણ કહી દે કે આ હવસખોર પાક્કો રંડીબાજ હશે.

એ કોઠાની માલકીન લીલાવતી ત્યાં જ ઊભી હતી. એને જોઈને આરવ સમજી ગયો કે આ જ માલકીન છે. લીલાવતીની નજર ગ્રાહકો પર ફરતી ફરતી આરવ પર પડી. સિગારેટ ફૂંકતા આરવે લુચ્ચું સ્મિત કરી તેને સીધી આંખ મારી દીધી. લીલાવતીના હોઠના ખૂણા મલકાઈ પડ્યા એ વિચારીને કે 'આ હવસખોર બીજા કોઠાઓની ઔરતોનો સ્વાદ ચાખીને હવે અહીં મોઢું મારવા આવ્યો છે.' –

આરવે લીલાવતીને હાથથી માદક ઈશારો કરીને હોઠ ફફડાવ્યા: 'કડક માલ દિખા..!' – લીલાવતીએ દૂરથી હસીને માથું હકારમાં હલાવ્યું. થોડીકવાર બાદ આરવની સામે એક પછી એક યુવાન છોકરીઓ પેશ કરવામાં આવી. તે દરેક જોઈને મોઢું બગાડી માથું નકારમાં ધૂણાવતો અને સિગારેટની ધુમ્રસેર હવામાં ઓકતો. તેણે બંને હાથની હથેળીઓ છાતી આગળ લાવીને મોટા સ્તનવાળી સ્ત્રી અને ચહેરા પર વર્તુળાકારે આંગળી ફેરવીને ખૂબસૂરત ફટકો પેશ કરવાનો સંકેત કર્યો. લીલાવતી લુચ્ચું હસીને માથું હકારમાં હલાવ્યું અને આરવને ત્યાં ઊભા રહેવાનુ કહ્યું. આખરે લીલાવતી સાત યુવાન છોકરીને લઈને આવી જેમાં શેફાલી પણ હતી. આરવ આ ઘડીની રાહ ઘણી ઉમ્મીદથી જોતો હતો.

આરવનું હ્રદય તેજ ગતિએ દોડવા લાગ્યું. શેફાલી મને જોઈને ખુશીના અતિરેકમાં પકડાઈ જવાય એવું તો નહીં કરી બેસે ને! જો એવું થશે તો મારો ભાંડો ફૂટી જશે અને પૂરા પ્લાનની ધૂળધાણી થઈ જશે. લીલાવતી સાત છોકરીઓ લઈને આવી ત્યારે આરવ અને શેફાલીની નજર જાણે યુગો બાદ હવે મળી હોય એવા હર્ષાવેશથી તેમનું હૈયું આનંદિત થઈ ઉઠ્યું! પંદર દિવસે પહેલીવાર શેફાલીના હોઠ મુસ્કુરાયા. બંનેએ તેમના ભીતરમાં અજબની રાહત પથરાતી મહેસુસ કરી. આત્મવિશ્વાસ વર્તનમાં આવવા લાગ્યો. શેફાલીએ ચહેરા પર શૂન્યભાવ

લાવી દીધો.

લીલાવતીએ એક પછી એક યુવાન છોકરીઓ પેશ કરી. આરવ એક પછી એક કોઠાની છોકરીઓને નકારતો ગયો, કારણ કે તેની નજર તેની પત્ની—શેફાલી તરફ હતી. આખરે શેફાલીને તેની સામે પેશ કરવામાં આવી. આરવ હવસખોરની જેમ પોતાની પત્ની સામે જોઈને તેના ભરાવદાર સ્તનયુગ્મો પર વાસનાયુક્ત નજર ફેરવવાનો અદભૂત અભિનય કરીને ધીમે ધીમે માથું હકારમાં હલાવ્યું. શેફાલી ખુશીથી આર્દ્ર બનેલી આંખે આરવને અપલક જોતી રહી. આરવે અપનાવેલા ગેટઅપને જોઈને શેફાલીએ તેના મલકાઈ પડતાં હોઠ કાબુમાં લઈને રડમસ કરી લીધા.

આરવે ઈશારો કરીને શેફાલીને પીઠ ફેરવીને ઊભા રહેવા જણાવ્યુ. શેફાલી પીઠ ફેરવીને ઊભી રહી ગઈ. આરવે તેની પાતળી કમર અને માંસલ નિતંબો જોઈને લંપટ હાસ્ય ખેંચ્યું. તેણે માથું હકારમાં હલાવીને લીલાવતી સામે અંગુઠો ઊંચો કરીને આંખ મારી. લીલાવતીએ હસીને એક બોર્ડ ઊંચું કર્યું. બોર્ડમાં કોઠાનો ઓરડા નંબર અને પાંચ હજાર કિંમત લખી હતી. આરવે ફરીથી અંગુઠો ઊંચો કર્યો અને લીલાવતી લુચ્ચું હસી પડી.

થોડીકવારમાં શેફાલી તેના ઓરડામાં જતી રહી. આરવે લીલાવતીને પૈસા ચૂકવી દીધા. લીલાવતીએ હાથથી ઈશારો કરી ઓરડો બતાવ્યો. આરવે એ ઓરડાનો દરવાજો ખોલીને અંદર નજર કરી. શેફાલીની આંખોમાંથી આંસુઓનો વરસાદ વરસી રહ્યો હતો. તે બંને હાથ મોં પર દબાવીને રડી પડવાનો અવાજ દબાવી રહી હતી. એકસાથે અનેક લાગણીઓનો વંટોળ તેની ભીતરમાં ઊઠતો તે અનુભવી રહી હતી. આરવે દરવાજાની સ્ટોપર વખીને શેફાલી તરફ ફર્યો અને શેફાલીએ તેનું રડતું મોં પોતાના પતિની છાતીમાં છુપાવીને હૈયું ખોલીને રડી પડી. તેણે પોતાના બંને હાથમાં આરવને એટલા ગાઢ આલિંગન ભીંસી લીધો હતો કે હવે તે ક્યારેય એનાથી એક પળ પણ છૂટી નહીં પડે! બંને પતિ-પત્ની એકબીજાને પ્રગાઢ આલિંગનમાં જકડીને રડતાં રહ્યા. પંદર દિવસ બાદ તેઓ પહેલીવાર મળી રહ્યા હતા. એ પણ એવા માહોલમાં, એવી જગ્યાએ, એવી પરિસ્થિતિમાં જેની તેમણે સપને પણ કલ્પના સુદ્ધાં નહતી કરી.

આલિંગનમાંથી છૂટા પડ્યા બાદ બંનેએ આંસુ લૂછ્યા. હવે મુખ્ય સવાલ એ હતો કે અહીંથી નીકળવું કઈ રીતે? કારણ કે આ એરિયા ઘણો ખતરનાક હતો. લોકલ પોલીસ પણ મદદ કરે એવી નહતી. આરવે ફરીથી એનું દિમાગ ચલાવ્યું. થોડીકવારમાં તેના ફળદ્રુપ ભેજામાં એક અફલાતૂન આઈડિયા આવ્યો!

તેણે મોબાઈલ હાથમાં લઈને સીધો જ મુંબઇ પોલીસ કંટ્રોલ રૂમને ફોન કર્યો. તેણે પોલીસને આખી ઘટના જણાવ્યા બાદ કહ્યું, "સર, મૈં યહાં ગ્રાહક બનકર મેરી પત્ની કો બચાને કે લિયે આયા હૂં, ઔર અબ આપ હમારી મદદ કર દો, વરના હમ બડી મુસીબત મેં ફંસ જાયેંગે..! ઔર સર, પ્લીઝ આપ લોકલ પોલીસ કો ઈસ બારે મેં કાર્યવાહી કરને કે લિયે કુછ ભી ન કહેના...'

આ સાંભળીને કંટ્રોલ રૂમની પોલીસે તરત જ આ કેસ પર પગલાં લેવાનું નક્કી કર્યું. ત્યારબાદ આરવે પોલીસને એ રેડ લાઈટ જગ્યાનું આખું સરનામું, કોઠા નંબર અને કોઠામાં રૂમ નંબર પણ જણાવ્યો. કંટ્રોલ રૂમના પોલીસે બીજી જ ક્ષણે ચાર ગાડીઓ ભરીને પોલીસોનો કાફલો ત્યાંથી રવાના થયો.

* * *

પ્રકરણ – 10



એકાદ કલાકમાં ચારેય ગાડીઓ જણાવેલા સરનામે સાવચેતીથી પહોંચી ગઈ. ત્યારબાદ પોલીસના એક ઈશારાને સમજીને સત્તરેક જેટલા કોન્સ્ટેબલ અને લેડી-કોન્સ્ટેબલની ટુકડીએ સાદા વેશમાં કોઠાની ચારેકોર ઘેરો નાંખી દીધો. બે ઈન્સ્પેક્ટર અને બે લેડી-ઈન્સ્પેક્ટર કોઠામાં દાખલ થયા. પૈસા ગણતી કોઠાની માલકીન અને સરલાની નજર સામે આવતા ચાર પોલીસો પર પડતાં જ બંનની નસોમાં વહેતું લોહી અચાનક થીજી ગયું.

“ભાગને કી કોશિશ મત કરના..! પૂરે કોઠે કો હમને ચારો ઔર સે ઘેર લિયા હૈ!” પોલીસે બંદૂક તેમની તરફ તાકી.

બંદૂક જોઈને લીલાવતી અને સરલાના હોશ ઊડી ગયા! બંને ભયથી થથરી રહી હતી! સરેન્ડર કરવા સિવાય તેમની પાસે અન્ય કોઈ વિકલ્પ નહતો બચ્યો. લીલાવતીના ધ્રૂજતા હાથમાંથી બધી નોટો નીચે પડીને વિખરાઈ ગઈ. ભાગવા માટે તેના પગ ત્યાં જ જમીનમાં જડાઈ ગયા! બંને લેડી-ઈન્સ્પેક્ટરે તરત જ એ બંનેના હાથ પીઠ પાછળ વાળીને હાથમાં હાથકડીઓ બાંધી દીધી. એક પોલીસ ત્યાં જ ઊભો રહ્યો અને બીજો કોઠાના ઓરડા નંબર તપાસતો તપાસતો ઓરડા નંબર D-14નો દરવાજો ખખડાવ્યો અને કહ્યું, “પોલીસ...” –

તરત જ દરવાજો ખૂલ્યો. આરવ અને શેફાલી જરાક ભયભીત હાવભાવ સાથે બહાર નીકળ્યા. “સર, મેં આરવ. મૈંને હી આપકો કોલ કિયા થા. યે મેરી વાઈફ હૈ!” – પોલીસે આરવના ખભા પર હાથ મૂકીને ગર્વથી સ્મિત કર્યું અને શેફાલી સામે જોઈને કહ્યું, “આપ દોનો કી બહાદુરી ઔર પ્યાર કો સલામ..! અબ આપ આઝાદ ઔર મહેફૂઝ હો...”

– શેફાલી ભીની આંખે રડમસ સ્મિત કરીને આરવની છાતી પર માથું મૂકીને ભેટી પડી. તે હવે એ નર્કલોકમાંથી આઝાદ થઈ ચૂકી હતી!

આ ઘટનાની સૌથી ખુશીની વાત એ હતી કે એ રાત્રે પોલીસે કોઠાના દરેક ઓરડા ખેંખેરીને શેફાલી જેવી જ બીજી ઘણી યુવાન અને કાચીવયની છોકરીઓ, જેમને જબરદસ્તીથી ત્યાં ગુલામની જેમ કેદ કરી રાખી હતી અને અનિચ્છાએ ગંદા કામ કરાવતા હતા એમને પણ એ ગુલામીના પીંજરામાંથી હંમેશા હંમેશા માટે મુક્ત કરાવી.

પોલીસે એ કોઠાની માલકીન, લીલાવતી અને એની આસિસ્ટન્ટ, સરલા – આ બંનેને પોલીસે એ રાત્રે જ ધરપકડ કરી અને એમની સાથે આ ધંધામાં ભળેલા પેલા બે દલાલ પુરુષોની પણ પોલીસે ચોવીસ કલાકમાં ધરપકડ કરી લીધી.

શેફાલી અને આરવ એ કોઠામાંથી બહાર નીકળ્યા. શેફાલી પંદર દિવસ બાદ રેડ લાઈટ એરિયામાંથી આઝાદ થઈ હતી. પંદર દિવસોનો એ ભયાનક અનુભવ શેફાલીની યાદદાસ્તમાં એવો છપાઈ ગયો હતો કે આજે પણ તે મુંબઈનું નામ સાંભળીને કંપકંપી ઊઠે છે!

બંને એ રાત્રે પોલીસ સ્ટેશને કાનૂની કાર્યવાહી પતાવીને રાત્રે સાડા ત્રણે ફ્લેટ પર પહોંચ્યા. નયનભાઈ અને સુધાબેન હોલરૂમમાં અદ્ધર જીવે બેચેન બની તેમની આવવાની રાહ જોતાં હતા. ફ્લેટની લિફ્ટમાં ઉપર જતી વખતે શેફાલી નાનકડા બાળકની જેમ આરવને આલિંગી, તેની છાતીમાં મોં સંતાડી રડતાં રડતાં પૂછ્યું, “મમ્મી-પપ્પાને આ વિશે બધી ખબર પડી જ ગઈ હશે કે હું આટલા દિવસો ક્યાં હતી... તે મને પહેલાની જેમ સ્વીકારશે?”

“શેફું, તું એ બધુ ના વિચાર... હું હંમેશા તારી સાથે જ રહીશ..!” આરવ તેની પીઠ પર સાંત્વનાભર્યો હાથ ફેરવી લાગણીશીલ બની રહ્યો હતો. તેણે ફ્લેટનો કોલબેલ માર્યો. બીજી જ પળે દરવાજો ખૂલ્યો. શેફાલીને જોઈને સુધાબેનની આંખો વરસી પડી. તેમણે તરત જ દીકરી સમાન પુત્રવધૂને આલિંગનમાં લઈ લીધી અને બંને રડી પડ્યા. નયનભાઈની આંખો પણ એ દ્રશ્ય જોઈને ભીંજાઇ ગઈ. ચારેય ઘરમાં જઈને હોલરૂમના સોફામાં બેઠા.

રેડ લાઈટ વિસ્તારમાં વેચાઈ ગયેલી પોતાની પત્નીને ઇજ્જત

સાથે છોડાવીને પાછી લઈ આવ્યો એ બદલ સુધાબેન અને નયનાબેન પોતાના દીકરાના સાહસ અને અતૂટ પ્રેમ પર તેમનું હૈયું ગર્વથી ઝૂમી ઉઠ્યું. આરવે તેના માતપિતા સામે શેફાલીનું કપાળ સ્નેહથી ચૂમી લઈને આલિંગનમાં સમેટી લીધી.

આરવની છાતી પર માથું મૂકીને આલિંગી રહેલી શેફાલીને ચંદ્રાએ કહેલાં શબ્દો તેના મનમાં પડઘાવા લાગ્યા: 'અગર કોઈ ચમત્કાર હો ઔર તેરા મરદ યહાં આકે તુજે છુડાકે વાપસ લે જાયે, ઔર પૂરે પ્યાર સે તુજે ચૂમ કે અપનાલે તો સમજ જાના કી તેરા મરદ લાખો મેં એક હૈ!' – શેફાલીના હોઠ પર રડમસ સ્મિત ફરકી ઉઠ્યું. હૈયામાં અનહદ પ્રેમની લાગણીઓનું ઝરણું વહેવા લાગ્યું.

આ અકલ્પનીય ઘટના બાદ બંનેના હૈયામાં એકબીજા પરત્વેનો પ્રેમ, સ્નેહ, વિશ્વાસ, વફાદારી અને સમજદારી અનેક ઘણી ગાઢ બની ગઈ...



અગત્યની વાત

આ વાર્તા પરથી શીખવા જેવી વાત એ છે કે જ્યાં પણ તમે એકલા સફર પર જતાં હોવ ત્યાં કોઈ પણ અજનબી સાથે વાતચીત દરમ્યાન એટલા મળતાવડા પણ ન બની જાવ કે એ કોઈ ખાવા-પીવાની વસ્તુ આપે એને ખાઈ લેવા તૈયાર થઈ જાવ. સ:સ્મિત એનો ઈનકાર કરી દેવો અથવા કોઈ બહાનું બનાવી દેવું. કોને ખબર એ વ્યક્તિનો તમારા સાથે આ પ્રકારના હળીમળી જતાં અને હસમુખા સ્વભાવ પાછળ કેવો શૌતની ઈરાદો હોય? શેફાલીની કહાની જેવો સુખદ અંત કદાચ વાસ્તવિક જીવનમાં ન પણ આવે!

જો આ કહાની તમને પસંદ આવી હોય તો તમારા મિત્રો સાથે શેર કરજો અને એમને પણ આ નગ્ન વાસ્તવિકતાથી પરિચિત કરજો... [Link]

4.5 million People are victims of sexual exploitation. [1] [2]

There are approximately 5,00,000 victims of the commercial sex trade in India. (UNICEF)

270 women and girls go missing every day in India. [3]

વાંચકોને નમ્ર રિકવેસ્ટ

આ ઈબૂક ખરીદવા અને વાંચવા બદલ દિલથી તમારો આભાર! જો તમને આ વાર્તા પસંદ પડી હોય તો એક નમ્ર રિકવેસ્ટ : Goodreads અને Amazon પર તમારો અમૂલ્ય રિવ્યુ આપવાનું બિલકુલ ન ભૂલતા. તમારો રિવ્યુ અન્ય વાંચકોને મારું આ પુસ્તક ખરીદવા પ્રોત્સાહિત કરશે.

Thank you, dear reader!

લેખકના અન્ય પુસ્તકો

મોડર્ન ડ્રગ

પોર્નોગ્રાફી—આજના સમયનું 'મોડર્ન ડ્રગ'

મનુષ્યના શરીરનું સૌથી મોટું સેક્સ-ઓર્ગન કયું? ઉત્તેજના ક્યાંથી શરૂ થતી હોય છે? ઉત્તેજના બે પગ વચ્ચેથી નહીં, બલ્કે બે કાન વચ્ચેથી—બ્રેઈનમાંથી શરૂ થતી હોય છે.

તો શું પોર્ન જોવાથી બ્રેઈનને નુકસાન થઈ શકે? સેક્સ્યુઅલ ક્ષમતા ઘટી શકે? સેક્સજીવન 'સ્પાઈસ અપ' કરી શકાય? તરુણોના અતિસંવેદનશીલ બ્રેઈન પર કેવી અસર પડે? શું તેમનો કુદરતી સેક્સ્યુઅલ અભિગમ બદલાઈ શકે? પોર્ન-જોનારની માનસિકતા અને કલ્ચર પર તેનો કેવો પ્રભાવ પડે? – આવા તો અનેક દિલચસ્પ પ્રશ્નોના ખુલાસા તમે આ પુસ્તકમાં જાણશો.

સંપૂર્ણ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી લખાયેલું આ પુસ્તક ખરેખર દરેક નવયુવાનો અને માતપિતાએ અચૂક વાંચવું જોઈએ. તેમને જીવનમાં ચોક્કસ કંઈક નવું અને ઉપયોગી આપીને જશે.

Amazon અને **Bookpratha.com** વેબસાઈટસ પર પુસ્તક હાર્ડકોપીમાં પ્રકાશિત થઈ ગયું છે. **(**પુસ્તક વિશે વધુ માહિતી જાણવા **www.parthtoroneel.com/download** પર સર્ચ કરો.**)**

*

ધ પરફેક્ટ બેંક રોબરી **(Novella)**

True crime seriesમાં આ બીજી ધમાકેદાર સત્યઘટના.

દિલદહેલાવી દેતી અને દિમાગ સુન્ન કરી નાંખતી આ હેરતંગેજ સત્યઘટના તમને પાને પાને જકડી રાખશે. 'આગળ શું થશે? શું આવશે...'ની લાગણી અંત સુધી અકબંધ જળવાયેલી રહેશે.

આ સત્યઘટનામાં ક્રાઈમ, થ્રિલર, મિસ્ટ્રી અને સસ્પેન્સ સાથે લવ સ્ટોરીને દૂધમાં સાકર ઓગળી જાય તેવી રીતે ગૂંથી લીધી છે. દૂધમાં સાકર ન દેખાય છતાં ગળપણનો મીઠો સ્વાદ કરાવે તેમ આ વાર્તા ક્રાઈમ, થ્રિલર,

મિસ્ટ્રી અને સસ્પેન્સથી છલોછલ હોવા છતાં ખૂબસૂરત લવસ્ટોરીનો અવિસ્મરણીય અહેસાસ કરાશે. મુખ્ય પાત્ર દિલજીત અને તેની પત્ની સુરભિ સાથેના સંવાદો તમારું હૈયું લાગણીભીનું કરી મૂકશે. સંબંધો વિશેના કેટલાક સંવાદો તમને ‘હાઈલાઈટ’ કરી લેવા જેવા પણ લાગશે.

*

ધ્વંસ **(Novella)**

True crime seriesમાં આ ત્રીજી રોમાંચક સત્યઘટના ટૂંક સમયમાં જ પ્રકાશિત થશે...

*

પ્રેમની જીત કે પછી...? : અનોખી પ્રેમ કહાની **(Novella)**

બે મિત્રો વચ્ચેની ગાઢ મૈત્રી અને નિર્મળ પ્રેમના તાણાવાણાંમાં ગૂંથાયેલી, તથા સમાજ અને કાસ્ટના બંધનોમાંથી બહાર નીકળવા સંઘર્ષ કરતી આ સ્ટોરી છે. આ એક યુનિક લવ સ્ટોરી છે. કદાચ ગુજરાતી ભાષામાં ક્યારેય આ પ્રકારના મુદ્દાને કેન્દ્ર સાથે લઈને વાર્તા કહેવાઈ નથી. આ વાર્તા તમને છેક અંત સુધી વાંચવા મજબૂર કરી રાખશે. આ લવ સ્ટોરી તમને કશુંક નવું આપીને જશે...

*

વીજી બોર્ડ: એક ભયાવહ ભૂતકથા

આ વાર્તા લાગણીરસથી ભરપૂર છે...!! જેમાં તમને પ્રેમ, સ્નેહ, સહાનુભૂતિ, ઘૃણા, દુ:ખ, દર્દ, ગમગીની, ક્રોધ, ડર, હિંમત, જોખમ, આશ્ચર્ય, આનંદ, વિશ્વાસ, દોસ્તી અને નરી નિર્દયતાનો અહેસાસ પણ આ વાર્તા કરાવશે... આજના સમયની સામાજિક સચ્ચાઈ પણ નાગી કરીને અહીં રજૂ કરી છે...!

આ વાર્તા વાંચતી વખતે ક્યારેક તમારી આંખોમાં આસુંની પરત બાઝશે, તો ક્યારેક ચહેરા પર હાસ્ય લાવશે... ક્યારેક ભીતરમાં ભયની લાગણીઓ ભરડો લેશે, તો ક્યારેક રહસ્યને જાણવાની અધીરાઈ વિહવળ કરી મૂકશે... ક્યારેક પ્રેમની લાગણીનું પૂર હ્રદયમાં છલકાવી મૂકશે, તો ક્યારેક નફરતનું ઝેર નસનસમાં પ્રસરાવશે...

*

લેખકનો સંપર્ક

You can reach through:

Website – www.parthtoroneel.com

Wordpress site: https://parthtoroneel.wordpress.com

Facebook – www.facebook.com/ParthToroneel

Facebook Page – www.facebook.com/Toroneel

Goodreads – https://www.goodreads.com/ParthToroneel

Email Id – parthtoroneel@gmail.com